RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 220* Date: 31.05.2023, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### રાજસ્થાનના ઝુનઝુનુમાં ગમખ્વાર અકસ્માત, ૮ મોત, ૨૩ લોકો ઘાયલ

## અમૃતસરથી વૈષ્ણોદેવી જઈ રહેલી બસ જમ્મુમાં બ્રિજ પરથી ખાઈમાં પડી, ૧૦નાં મોતઃ ૨૦ ઘાયલ



(એ.આર.એલ),શ્રીનગર,તા.૩૦

જમ્મુના કટરાથી લગભગ ૧૫ કિલોમીટર દૂર ઝજ્જર કોટલી પાસે મંગળવારે સવારે એક બસ પુલ પરથી પડી ગઈ હતી. જેમાં ૧૦ લોકોનાં મોત થયાં હતાં અને ૨૦ લોકો ઘાયલ થયા હતા. મુસાફરોથી ભરેલી બસ અમૃતસરથી કટરા જઈ રહી હતી ત્યારે તેણે ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો અને બસ ખાઈમાં પડી ગઈ. સ્થાનિક લોકો, સીઆરપીએફ અને એસડીઆરએફએ ઘટનાસ્થળે લોકોને બચાવ્યા. બસ અમૃતસરથી વૈષ્ણોદેવી જઈ રહી હતી. તેમાં ૭૫ મુસાફરો સવાર હતા. જમ્મુના ડેપ્યુટી કમિશનર અવની લવાસાએ જણાવ્યું કે આ અકસ્માતમાં ૪ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. જ્યારે અન્ય લોકોને નાની-મોટી ઈજાઓ થઈ છે. ગંભીર રીતે ઘાયલોને જીએમસી જમ્મુમાં દાખલ કરવામાં આવ્યા છે. અન્ય ઘાયલોની સ્થાનિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર ચાલી રહી છે.

ઘટના અંગે માહિતી આપતા જમ્મુના ડીસીએ જણાવ્યું કે બસ ઊંડી ખીણમાં પડી જવાથી ૧૦ લોકોનાં મોત થયાં છે જ્યારે ૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. ગંભીર રીતે ઘાયલોને સરકારી મેડિકલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અન્ય ૧૨ લોકોને સ્થાનિક પીએચસીમાં સારવાર આપવામાં આવી રહી છે.

જણાવવામાં આવી રહ્યું છે કે બસ અમૃતસરથી કટરા જઈ રહી હતી. બસ નેશનલ હાઈવે ૪૪ પર ઝજ્જર કોટલી પહોંચી કે તરત જ બસે કાબૂ ગુમાવ્યો અને ખાઈમાં પડી ગઈ હતી. જણાવવામાં આવી રહ્યું છે કે બસમાં લગભગ ૭૫ લોકો સવાર હતા. જેમાંથી ૧૦નાં મોત થયાં છે. જ્યારે અન્ય ઘાયલોને સારવાર માટે જમ્મુ મોકલવામાં આવ્યા છે. અકસ્માત પાછળનું મુખ્ય કારણ હજુ જાણવા મળ્યું નથી. ત્યારે બસમાં કુલ મુસાફરોની સંખ્યા ૭૫ હોવાનું કહેવામાં આવી રહ્યું છે. અકસ્માતની માહિતી મળતાં જ પોલીસ પ્રશાસનની ટીમ ઘટનાસ્થળે પહોંચી અને રાહત અને બચાવ કાર્ય શરૂ કર્યું. કેટલાક મુસાફરો બસની નીચે પણ દટાયા હોવાની આશંકા છે. મૃત્યુઆંક પણ વધી શકે છે.

સીઆરપીએફ ઓફિસર અશોક ચૌધરીએ જણાવ્યું કે અમને સવારે અકસ્માતની માહિતી મળી. તરત જ અમારી ટીમે અહીં પહોંચીને બચાવ કાર્ય શરૂ કર્યું. મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા. ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે. પોલીસની ટીમ પણ અમારી સાથે રેસ્ક્યુ ઓપરેશનમાં લાગેલી છે. રેસ્ક્યુ ઓપરેશન ચાલુ છે. જણાવવામાં આવી રહ્યું છે કે બસમાં બિહારના લોકો હતા જે કટરા જઈ રહ્યા હતા.

રિપોર્ટ્સ અનુસાર, અકસ્માતનું કારણ બસની બ્રેક ફેઈલ હોવાનું કહેવાય છે. બ્રેક ફેલ થતાં બસે સંતુલન ગુમાવ્યું અને ઝજ્જર કોટલી પુલ પરથી નીચે પડી. સીઆરપીએફના આસિસ્ટન્ટ કમાન્ડન્ટ અશોક ચૌધરીએ જણાવ્યું કે, કટરા જતી વખતે યાત્રીઓ રસ્તો ભટકીને અહીં પહોંચી ગયા હશે. આ અકસ્માતમાં બચાવ કાર્ય માટે ક્રેન લાવવામાં આવી રહી છે. જેથી જાણી શકાય કે બસની નીચે કોઈ ફસાયું નથી. મળતી માહિતી મુજબ તમામ મૃતકો એક જ પરિવારના છે અને અમૃતસરના ફતેહગઢ ચુડિયા રોડના રહેવાસી છે. તેઓ ઘરેથી પુત્રના મુંડન માટે વૈષ્ણોદેવીનાં દર્શન માટે નીકળ્યા હતા. ઘટના બાદ મૃતકનાં પરિજનો જમ્મુ જવા રવાના થઈ ગયાં છે. દરમિયાન રાજસ્થાનના ઝુનઝુન જિલ્લામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. જ્યાં ટ્રેક્ટર અને ટ્રોલી ખીણમાં ઉતરી ગયું હતું. આ અકસ્માતમાં ૮ લોકોના મોત થયા હતા. આ સાથે આ અકસ્માતમાં ૨૬ લોકો ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. રિપોર્ટ અનુસાર મૃત્યુ પામનારાઓમાં ૬ મહિલાઓ અને બે સગીરનો સમાવેશ થાય છે. ઝુનઝુનુ પોલીસ દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે આ ઘટના ત્યારે બની જ્યારે પીડિતો સોમવારે સાંજે પહાડી મંદિરથી પરત ફરી રહ્યા હતા. ઝુનઝુનુના એએસપી તેજપાલ સિંહે જણાવ્યું હતું કે, તમામ ઘાયલોને અલગ-અલગ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. જ્યારે ઝુનઝુનુના ડીએમ ખુશાલ યાદવે જણાવ્યું હતું કે, કુલ ૩૪ લોકોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૮ના મોત થયા છે. તમામ પીડિતો મનસા માતાના મંદિરેથી પરત ફરી રહ્યા હતા. માણસા માતાના મંદિરમાં ધાર્મિક કાર્યક્રમ ચાલી રહ્યો હતો, જેમાં આ લોકો ભાગ લેવા પહોંચ્યા હતા. આ અકસ્માત મંદિરથી લગભગ એક કિલોમીટરના અંતરે થયો હતો. પોલીસે જણાવ્યું હતું કે, એવું લાગે છે કે, ડ્રાઈવરે પોતાનું સંતુલન ગુમાવ્યું અને ટ્રેક્ટર ટ્રોલી ખાડીમાં પડી ગઈ હતી. આ અકસ્માત બાદ સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને ઘાયલોને હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

## કાલે જાહેર થશે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ, વિદ્યાર્થીઓ આ રીતે જોઈ શકશે રીઝલ્ટ

અમદાવાદઃ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા માર્ચ ૨૦૨૩માં લેવાયેલી ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાનું પરિણામ ૩૧ મે એટલે કે આવતીકાલે જાહેર કરવામાં આવશે. ગુજરાત બોર્ડ દ્વારા કરવામાં આવેલી સત્તાવાર જાહેરાત અનુસાર આ પરિણામ બુધવારે સવારે ૮ વાગ્યે ગુજરાત બોર્ડની વેબસાઈટ www.gseb.orgની ઓફિશયલ વેબસાઈટ પર જાહેર કરાશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ વોટ્સએપ નંબર ૬૩૫૭૩૦૦૯૭૧ પર પણ પોતાનો સીટ નંબર મોકલીને પણ રીઝલ્ટ મેળવી શકશે.ગુજરાત બોર્ડની વેબસાઈટ અનુસાર વિદ્યાર્થીઓની માર્કશીટ, પ્રમાણપત્ર અને જીઇ શાળાવાર મોકલવા અંગેની જાણ હવે પછીથી કરવામાં આવશે. પરીક્ષા બાદ ગુણ ચકાસણી, દફતર ચકાસણી, નામ સુધારા, ગુણ-તૂટ અસ્વીકાર અને પરીક્ષામાં પુનઃઉપસ્થિત થવા માટેની જરૂરી સૂચનાઓ સાથેનો પરિપત્ર હવેથી પછીથી પ્રસિદ્ધ કરવામાં આવશે તથા માર્કશીટ અને સર્ટિફિકેટ સાથે શાળાઓને મોકલી આપવામાં આવશે.બોર્ડ દ્વારા આગામી દિવસોમાં માર્કશીટ શાળાઓને મોકલી આપવામાં આવશે. આ માર્ચમાં સામાન્ય પ્રવાહના ૪.૮ લાખથી વધુ વિદ્યાર્થીઓએ તેમની ધોરણ ૧૨ની પરીક્ષા આપી હતી. GSHSEBના રેકોર્ડ મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં ધોરણ ૧૨ની પરીક્ષા માટે નોંધાયેલા નિયમિત વિદ્યાર્થીઓની આ સૌથી વધુ સંખ્યા હતી.ગુજરાત બોર્ડ ૧૦માનું પરિણામ ૨૫ મે ૨૦૨૩ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જે સરેરાશ ૬૪.૨૨ ટકા રહ્યું હતું. આંકડા પર નજર કરીએ તો સુરત જિલ્લાનું સૌથી વધુ જ્યારે દાહોદ જિલ્લાનું સૌથી નીચું પરિણામ રહ્યું હતું. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરાયેલા સમયપત્રક મુજબ ધોરણ ૧૦ની બોર્ડની પરીક્ષા ૧૪થી ૨૮ માર્ચ ૨૦૨૩ દરમિયાન લેવામાં આવી હતી. જ્યારે ધોરણ ૧૨ની પરીક્ષા ૧૪ માર્ચથી ૨૫ માર્ચ દરમિયાન લેવામાં આવી હતી.

## અમદાવાદમાં ૪૮ કલાકમાં બે હિટ એન્ડ રનની ઘટના, રોડ ક્રોસ કરી રહેલાં માતા-દીકરીનું કરૂણ મોત

અમદાવાદઃ શહેરમાં અત્યારે હાઈવે પર બેફામ ગાડીઓ દોડવા લાગી છે. આના કારણે અમદાવાદમાં હિટ એન્ડ રનના કિસ્સાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે છેલ્લા ૪૮ કલાકની વાત કરીએ તો શહેરમાં ૨ ઘટના હિટ એન્ડ રનની બની છે. SG હાઈવે પાસે રોડ ક્રોસ કરી રહેલા માતા અને દીકરીને બેફામ પૂર ઝડપે આવેલી ગાડીએ ટક્કર મારી દીધી હતી. જેના કારણે બંનેનું ઘટનાસ્થળે મોત નીપજતા ચકચાર મચી ગઈ હતી. જ્યારે બીજો ઘટનાક્રમ અમરાઈવાડીનો છે જેમાં બીઆરટીએસ ટ્રેક પર ટુ-વ્હીલર પર જઈ રહેલી નર્સને ગાડીએ ટક્કર મારી દીધી હતી.માતા અને દીકરી YMCA ક્લબ રોડને ક્રોસ કરી રહ્યા હતા. આ સમયે અચાનક પૂર ઝડપે ગાડી ત્યાંથી પસાર થઈ રહી હતી. તેમનું ધ્યાન રહ્યું નહીં અને કાર ચાલકે પણ બેફામ ગાડી ચલાવી હતી. આ દરમિયાન કાર ચાલકે માતા અને દીકરીને ટક્કર મારી દીધી હતી. જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જોકે ત્યારપછી કાર ચાલકે ત્યાંથી પૂર ઝડપે દાડી દોડાવી દીધી હતી. ગણતરીની સેકન્ડોમાં અહીં લોકોની ભીડ એકઠી થઈ ગઈ હતી. તથા તેમને પ્રાથમિક સારવાર આપવા માટે તજવીજ શરૂ કરી દીધી હતી.સ્થાનિકોએ ત્યારપછી પોલીસ અને એમ્બ્યુલન્સને ફોન કર્યો હતો. એટલું જ નહીં પોલીસની ટીમ પણ અહીં પહોંચી ગઈ હતી અને ટ્રાફિક ક્લિયર કરાવ્યો હતો. માતા અને દીકરીનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હોવાથી તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. બીજી બાજુ પોલીસે અજાણ્યા કાર ચાલક સામે ગુનો નોંધી દીધો અને તપાસ શરૂ કરી છે.હાટકેશ્વર વિસ્તારમાં ટૂ વ્હિલર પર જઈ રહેલી મહિલાને કાર ચાલકે અડફેટે લીધી હતી. તેનું પણ ઘટનાસ્થળે ગંભીર ઈજા પહોંચતા મોત નીપજ્યું છે. ઉલ્લેખનીય છે કે કાર ચાલક અકસ્માત સર્જી ત્યાંથી ફરાર થઈ ગયો છે. આ અંગે પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી દીધી છે.

Home/Personal Tuition
Physics
Dr. Chintan Trivedi
M.Sc, M.Phil, Ph.D in Physics
and 15 years of teaching experience
Admission open year 2023-24
Special Batch for Repeater students starts from 10th May, 2023
11TH -12TH Science Board/NEET/JEE
Call Or Whatsapp for Demo : 9925260536
Place : Gandhinagar

## નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામની એપેક્સ કમિટીની બીજી બેઠક નવી દિલ્હીમાં યોજાઈ



મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વાસ દર્શાવ્યો છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ન્યૂ ઈન્ડિયાના સપનાને ધોલેરા સ્માર્ટ ઈન્ડસ્ટ્રીયલ સિટી સાકાર કરે છે.આ સંદર્ભમાં તેમણે સ્પષ્ટપણે જણાવ્યું કે, સેક્ટર સ્પેસિફિક ઈકો સિસ્ટમના વિકાસ માટે જરૂરી સંસાધનો અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી ધોલેરા SIR સુસજ્જ છે.નેશનલ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર ડેવલપમેન્ટ પ્રોગ્રામની એપેક્સ કમિટીની દ્વિતીય બેઠકમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સહભાગી થતાં આ વિશ્વાસ દર્શાવ્યો હતો. એપેક્સ કમિટીની આ દ્વિતીય બેઠક નવી દિલ્હીમાં કેન્દ્રીય નાણાંમંત્રી શ્રીમતી નિર્મલા સીથારામન, ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રીશ્રી પિયૂષ ગોયલ ઉપસ્થિતિમાં યોજવામાં આવી હતી.ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ ઉપરાંત હરિયાણા, મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ અને ઉત્તરાખંડ રાજ્યોના મુખ્યમંત્રીશ્રીઓ તથા ઉદ્યોગ મંત્રીશ્રીઓ આ બેઠકમાં વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પરિકલ્પનાને વાસ્તવિક રૂપ આપવા માટે ધોલેરા SIRને કેન્દ્ર સરકાર દ્વારા મળી રહેલા સહયોગ અંગે આભારની લાગણી વ્યક્ત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ધોલેરા SIRના અક્ટિવેશન એરિયામાં આંતર માળખાકીય સુવિધાઓ ઊભી કરવા રાજ્ય અને કેન્દ્ર સરકારના સહયોગથી ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ નામની SPV રચવામાં આવેલી છે તેની ભૂમિકા આ બેઠકમાં આપી હતી.તેમણે ધોલેરા SIRની ગતિવિધિઓની પ્રગતિ અંગેની વિગતો આ બેઠકમાં આપતા જણાવ્યું કે, આ એક્ટિવેશન એરિયામાં ઈન્ફ્રાસ્ટ્રકચર ફેસિલિટિઝ નિર્માણ પૂર્ણતાને આરે છે અને SPV દ્વારા ઉદ્યોગ સાહસિકોને જમીન ફાળવણીની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે.ધોલેરા SIRમાં સ્કૂલ, હોસ્પિટલ, હોટલ અને રેસિડેન્શિયલ ટાઉનશીપ વગેરે વિકસાવવા માટે વિવિધ પ્રપોઝલ મળી છે, તેની છણાવટ કરતા શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે એક્ટિવેશન એરિયામાં PMAYની એફોર્ડેબલ રેન્ટલ હાઉસિંગ મોડેલ પર ૬૦૦ યુનિટ બાંધવામાં આવશે.તેમણે ભારત માલા પ્રોજેક્ટ હેઠળ NHAI દ્વારા નિર્માણાધીન અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેમાં ૩૮ ટકાથી વધુની પ્રગતિ થઈ હોવાનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે સમય મર્યાદામાં આ પ્રોજેક્ટ પૂર્ણ કરવા ગુજરાત સરકાર NHAIને જરૂરી બધી જ મદદ પૂરી પાડશે.આ ઉપરાંત ધોલેરા SIRના સર્વાંગી વિકાસ માટે વેસ્ટર્ન ડેડિકેટેડ ફ્રેટ કોરિડોર ડી.એફ.સી. સાથે તેને જોડવા માટે ભીમનાથ-ધોલેરા રેલવેલાઈન પ્રોજેક્ટનું આયોજન કરવામાં આવ્યું છે, તેમ તેમણે જણાવ્યું હતું.મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે આ પ્રોજેક્ટ અન્વયે અમદાવાદ-બોટાદ બ્રોડગેજ રેલવે લાઈનને ભીમનાથ સ્ટેશનથી ધોલેરા SIR સુધીના કામોને કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની મંજૂરી મળેલી છે.આ હેતુસર ભીમનાથ-ધોલેરા રેલવેલાઈન માટે જરૂરી કુલ જમીન સંપાદનની કામગીરી અંતિમ તબક્કામાં છે અને વહેલી તકે પૂર્ણ કરાશે, તેમ પણ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલે ધોલેરા સરના વિકાસ માટે પી.એમ. ગતિશક્તિ નેશનલ માસ્ટર પ્લાનની ઉપયોગીતા સંદર્ભે જણાવ્યું કે, ધોલેરાનો ડેવલપમેન્ટ પ્લાન, લેન્ડ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિગતોને જીઓ રેફરન્સ્ડ કરીને પી.એમ. ગતિશક્તિ ગુજરાત પોર્ટલ ઉપર મેપ કરવામાં આવી છે.મુખ્યમંત્રીશ્રીએ ધોલેરા એરપોર્ટ તેમજ અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેને સમય મર્યાદામાં પુરા કરવા એપેક્ષ ઓથોરિટી દ્વારા સમયાંતરે માર્ગદર્શન મળે તે માટે કેન્દ્રીય નાણામંત્રીશ્રીને અનુરોધ કર્યો હતો. ઉપરાંત અમદાવાદ-ધોલેરા સેમી હાઈસ્પીડ ટ્રેન પ્રોજેક્ટની આવશ્યક મંજુરી આપવા માટે પણ અનુરોધ કર્યો હતો.મુખ્યમંત્રીશ્રીએ માંડલ બેચરાજી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજીયનને દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર પ્રોજેક્ટમાં સામેલ કરવા હેતુ જરૂરી કાર્યવાહી કરવા માટેનો અનુરોધ પણ અપેક્ષ ઓથોરિટીને કર્યો હતો.શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, કેન્દ્ર સરકારના સંપૂર્ણ સહકારથી જ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર અને તે અંતર્ગત ધોલેરા SIRનું આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ થઈ શક્યું છે.આ બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી કે. કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી હૈદર, ધોલેરા SIRના સી.ઈ.ઓ. અને પ્રવાસન સચિવશ્રી હારિત શુક્લા અને વરિષ્ઠ સચિવો ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનગરની માતાઓ- દીકરીઓને 'ધ કેરાલા સ્ટોરી' ફિલ્મ નિઃશુલ્ક દર્શાવાઈ



લવજેહાદ અને આતંકવાદના ભયજનક સત્યને ઉજાગર કરતી ફિલ્મ 'ધ કેરાલા સ્ટોરી' ગાંધીનગરની માતાઓ-દીકરીઓને વિનામૂલ્યે દર્શાવી આતંકી પ્રવૃત્તિઓ અંગે જનજાગૃતિ ફેલાવવા ગાંધીનગર ઉત્તર વિધાનસભાના ધારાસભ્ય શ્રીમતી રીટાબેન પટેલ, મેયરશ્રી હિતેશ મકવાણા અને શહેર ભાજપ પ્રમુખ ઋચિર ભટ્ટ દ્વારા પ્રયાસ કરાયો છે. અગાઉ ફિલ્મ દર્શાવવાની જાહેરાત બાદ રજીસ્ટ્રેશન કરાવેલ મહિલાઓને ફિલ્મ બતાવવાની શરૂઆત કરાઈ છે જે અંતર્ગત સે.૧૧ અને પેથાપુર સ્થિત સિનેમાઘરમાં નિઃશુલ્ક શો નું આયોજન કરાયું હતું.

## રાજ્યમાં વરસાદે સર્જી તારાજી, બે દિવસમાં વાવાઝોડા અને વીજળી પડવાથી ૫ લોકોના મોત

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩૦

ચોમાસા પહેલા વરસેલા વરસાદે રાજ્યભરમાં ભારે તારાજી સર્જી છે. વરસાદરૂપી આફતમાં વ્યાપક પ્રમાણમાં નુકસાન થયુ છે. છેલ્લા ૨ દિવસમાં તૂટી પડેલા વરસાદ અને મિની વાવાઝોડામાં ૫ લોકોનાં મોત થયા છે. જ્યારે ૭ વ્યક્તિને ઈજા થઈ છે. રવિવારની મધરાતે સંખેડા તાલુકામાં વીજળી પડતા બે લોકોનાં મોત થયા હતા. પાલનપુરમાં દીવાલ તૂટી પડતા યુવકનું મોત થયુ હતુ. જ્યારે પતરુ વાગતા ૭ લોકોને ઈજા થઈ હતી. બાબરામાં પણ વીજળી પડતા યુવાનનું મોત થયુ હતુ. અમદાવાદના વાડજમાં છાપરાવાળા મકાન પર વૃક્ષ તૂટી પડતા એક વ્યક્તિનું મોત થયુ હતુ. જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી. શહેરમાં ૧૫થી વધુ સ્થળે વૃક્ષ ધરાશાયી થયા હતા. જેને લઈને ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકામાં ઠેર ઠેર વૃક્ષો ધરાશાયી થતા માર્ગો બંધ થયા હતા. મોટાભાગના વિસ્તારોમાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયો હતો. પંચમહાલ જિલ્લામાં ૩૧૧ જેટલા વીજપોલને નુકસાન થયુ હતુ. જાંબુઘોડા અભયારણ્યમાં આવેલા પ્રવાસીઓ પણ ફસાયા હતા. પાલનપુરમાં અસંખ્ય કાચા-પાકા મકાનોના પતરા ઉડ્યા હતા. અહીં ૩૮ પશુઓનાં મોત થયાના અહેવાલ મળ્યા છે. અનેક સ્થળે વૃક્ષો અને વીજપોલ અને હોર્ડિંગ્સ ધરાશાયી થયા હતા. કાલોલ, હાલોલ, ગોધરા તાલુકાના વિવિધ વિસ્તારોમાં વીજ પોલ, વૃક્ષો અને મકાનોને ઘણું નુકસાન થયુ હતુ. જેઠ માસમાં અષાઢી માહોલ સર્જાતા ઉનાળુ પાકને વ્યાપક નુકસાન થયુ છે. ખાસ કરીને બાજરી, ડાંગર, કઠોળ, શાકભાજી, ફળાઉ-બાગાયતી પાક બગડી જવાની ભીતી છે.

તમામ જ્ઞાતિના ઉચ્ચ અભ્યાસ ધરાવતા
ઉમેદવારો માટે જીવનસાથી પસંદગી સંમેલન
બ્રાહ્મણ, પટેલ, વૈષ્ણવ, જૈન, ઠક્કર, સોની, મોદી, ભાવસાર, ખત્રી તેમજ વિશ્વકર્મા વંશજના લુહાર, પંચાલ, ગજ્જર તથા સુથાર સમાજના અપરિણીત યુવક-યુવતીઓ, વિધૂર, વિધવા, છૂટાછેડાવાળા પાત્રો ભાગ લઈ શકશે.
તા. ૧૧-૬-૨૦૨૩ રવિવાર
સમય : બપોરે ૩:૦૦ થી ૭:૦૦
સ્થળ : એચ.એચ. બત્રીસી હોલ, કલેક્ટર કચેરીની બાજુમાં, ગાંધી આશ્રમ સામે, સુભાષબ્રીજ, અમદવાદ.
રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખ 31.5.2023
-: આયોજક :-
લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ હેપ્પીનેસ અને સપ્તપદી મેરેજ બ્યૂરો
૫૫, ગ્રાઉન્ડ ફ્લોર, અજન્ટા કોમર્શીયલ સેન્ટર, ઈન્કમટેક્ષ, આશ્રમરોડ, અમદાવાદ
રજીસ્ટ્રેશન માટે બાયોડેટા અને પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે સંપર્ક કરો
મો. ૯૪૨૬૪ ૧૭૭૬૬, ૯૧૭૩૧ ૮૫૧૦૯
ઓ. ૦૭૯-૪૦૩૨૨૭૧૯

# તંત્રી સ્થાનેથી...

## બહિષ્કારની રાજનીતિ

એવું લાગે છે કે ખીજાયેલો વિપક્ષ હવે કેન્દ્ર સરકારની દરેક પહેલનો બહિષ્કાર કરવાની રાજનીતિ પર ઉતરી આવ્યો છે અને આ ક્રમમાં તે એ જોવાનો પણ ઈનકાર કરી રહ્યો છે કે આખરે તેનાથી તેમને શું હાંસલ થવાનું છે? વડાપ્રધાન દ્વારા સંસદના નવા ભવનના ઉદ્‌ઘાટનનો વિરોધ કર્યા બાદ વિપક્ષ શાસિત દસથી વધુ રાજયોના મુખ્યમંત્રીઓએ નીતિ આયોગની બેઠકનો પણ બહિષ્કાર કરી દીધો. તેના માટે તેમણે જે કારણો ગણાવ્યાં, તેને વાહિયાત બહાનાંબાજી સિવાય કશું જ કહી ન શકાય. નીતિ આયોગની બેઠકથી દૂર રહેનારા કોઈ મુખ્યમંત્રીએ કહ્યું કે કેન્દ્ર સરકાર સંઘીય માળખાનું સન્માન નથી કરી રહી, તો કોઈએ એવું બહાનું કાઢ્યું કે તેમની વાત નથી સાંભળવામાં આવતી. આ કુતર્ક સિવાય બીજું કશું જ નથી, કારણ કે નીતિ આયોગની બેઠકમાં તેમને પોતાની વાત રજૂ કરવાનો મોકો મળતો. આ મોકો તેમણે જાણીજોઈને જતો કરવાનું કામ કર્યું. નીતિ આયોગની બેઠક વિકાસની ભાવિ રૂપરેખાને લઈને હોય છે, તેથી તેના બહિષ્કારનો મતલબ સમજવો મુશ્કેલ છે. નીતિ આયોગની બેઠકનો બહિષ્કાર કરીને એ જ પ્રદર્શિત કરવામાં આવ્યું કે વિપક્ષો દ્વારા આર્થિક વિકાસ કરતાં વધુ નારાબાજીની સસ્તી રાજનીતિનો સહારો લેવામાં આવે છે.

એનાથી દુર્ભાગ્યપૂર્ણ બીજું શું હોય કે નીતિ આયોગની સંચાલન પરિષદની જે બેઠકમાં વડાપ્રધાન મોદીએ વિકસિત ભારતની રૂપરેખાને લઈને ચર્ચા કરી, તેમાં કેટલાય રાજયોના મુખ્યમંત્રીઓએ ભાગ લેવાનું જરૂરી કેમ ન માન્યું? શું તેમને પોતાના રાજયની સાથે દેશના વિકાસ પર ખુદના વિચાર વ્યક્ત કરવાની કોઈ જરૂરિયાત જ ન અનુભવાઈ? શું તેમને ખબર ન હતી કે આ બેઠકમાં સ્વાસ્થ્ય, કૌશલ વિકાસ, મહિલા સશક્તીકરણ અને બુનિયાદી માળખાના વિકાસ જેવા તમામ વિષયો પર વિચાર-વિમર્શ કરવાનો હતો કે પછી આ મામલે તેમણે કંઈ કરવા-જણાવવાની આવશ્યકતા નથી? વિકાસના મામલે પક્ષીય રાજકારણને પ્રાથમિકતા આપવી સંકીર્ણતાની પરાકાષ્ઠા તો છે જ, પણ પોતાની જનતાની અવગણના પણ છે. નીતિ આયોગની બેઠકનો બહિષ્કાર કરનારા મુખ્યમંત્રીઓને એ આભાસ હોય તો સારું કે તેમણે પોતાના રાજયના હિતોની અવગણના કરવાનું જ કામ કર્યું. રાજયો અને કેન્દ્ર વચ્ચે મતભેદ હોય તે સમજાય છે, પરંતુ તેની આડમાં નીતિ આયોગની બેઠકમાં ભાગ ન લેવાનો કોઈ મતલબ નથી. દુર્ભાગ્યે નરેન્દ્ર મોદીથી ખિન્ન વિપક્ષોએ આવું જ કર્યું અને તેના ટેકામાં બુઠ્ઠી દલીલો કરવામાં પણ સંકોચ ન રાખ્યો. કેટલાક મુખ્યમંત્રીઓએ તો નીતિ આયોગની બેઠકથી અંતર રાખવા માટે એ મુદ્દાઓનો ઉલ્લેખ કરી દીધો, જેને આ આયોગ સાથે કશી લેવાદેવા પણ નથી. તેમના આ વલણથી એક જ વસ્તુ સ્પષ્ટ થાય છે કે આ બેઠકનો બહિષ્કાર કરવાનાં બહાનાં શોધવામાં આવતાં હતાં. આ અંધવિરોધની બેહદ હલકી અને વિકાસ વિરોધી રાજનીતિ છે.

### ફર્સ્ટ ફરજ નિભાવી અંતે માંગો અધિકાર

## ભારતભુમિ પર એકસોચાલીસ કરોડનો ભાર, ફરજ ક્યાં અને ક્યાં અધિકાર?

ચંદન ઘસાઈ પથ્થર પથથર, સોનું તપે છે આગમાં. જલી બળી સુવાસ રેલાવે ફેલાવે એ અગરબત્તી. ધરતી તપે તડકે અને ભીંજાય ભર વરસાદમાં.

ટકે છે વર્ષોવર્ષ જે ઈમારત પાયામાં રહેલા પથ્થર ઈંટ, મંદિર, મસ્જિદનું પહેલું પગથિયું પહેલાં પૂજાય છે.

ભારતભૂમિ ૧૪૦ એકસો ચાલીસ કરોડ લોકો અને અબજો જીવજંતુ, પશુ પ્રાણી પંખી નો ભાર ખમે,સહન કરે છે.

જે ખમે,સહન કરે એ પૂજાય છે.

આપણાં દેશમાં આપણને સ્વરાજ મળ્યું મતલબ આપણે રાજા મહારાજા છીએ. રાજા ફકત સત્તા ભોગવે એ ના ચાલે. રાજા જ બનવું હોય તો પહેલાં પોતાની જવાબદારી ફરજ બજાવવી પડે. ફરજ બજાવતા બજાવતા ભૂવો ધૂણે અને ઘર ભણી શ્રીફળ ફેંકે એ પણ ના ચાલે. બાકી ભૂવાને વળગે ભૂત એમાં કોઈ શક કે શંકા નથી.સાચી દેશભક્તિ અદા કરવા સાચી માનવતા દાખવવી જરુરી છે. આપણે માણસ છીએ. સમાજ વચ રહીએ છીએ ઢોર કે જંગલી જાનવર નથી કે ખાવું પીવું અને બચ્ચાં પેદા કરવાં. અને ઘણાં જંગલી પશુ પોતાના બચ્ચાં ફાડી ખાય છે અને એવું આપણે મનુષ્ય માણસજાત કરતાં નથી નથી નથી. જે છૂરી આપણાં શરીરને હાની પહોંચાડે તે જ છરી બીજાનું રક્ત વહેવડાવે છે. પરમાર્થ કરી થોડો સ્વાર્થ સાધવાની ચાહ સેવીએ તો ઠીક. બાકી આખેઆખું કોળું થોડું ખાઈ શકાય. કર્મનો આધાર ધર્મ નથી, ધર્મનો આધાર કર્મ હોવો ઘટે. જે સારા કર્મ કરે એ ધાર્મિક અને બાકીના અધાર્મિક પશુસમાન. મદિરોમાં, બેક્ક બસ સ્ટેન્ડ પર લાઈન તોડી નાખી આગળ વધવું એ શૂરવીરતા નથી એ 'ખોટીલાઇન'નો નમૂનો નંગ કહેવાય.

બીજાનો હક છીનવી પોતાનો અધિકાર જમાવી રોફ જમાવે એ જંગલી કહેવાય. નાની કીડીની કતાર જોઈ જુઓ કેવી હારબંધ ચાલે છે અને જો કોઈ સ્વજન મૃત્યુ પામેલા રસ્તે મળે તો ત્યાં થોડું થંભી નમન કરે મળે છે. મને એમાં એ શ્રધ્ધાંજલિ અર્પણ કરે છે એવો એહસાસ થાય છે. સ્વરાજ સ્વયં શિસ્ત અને સહકારથી બચશે. હિંસા,દુરાચાર એ ગુંડારાજ, હિટલરશાહીનું પ્રતિક છે. માની લો આપણે એક ગામ ગલીના કૂતરાં છીએ. એકજ ફળિયાના કૂતરાં આપસમાં લડતાં જોયાં છે. અને આપણી જન્મભૂમિ,કર્મભૂમિ વતન દેશ એક, આપણાં લોહીનો રંગ એક, માનવ માનવ વચ્ચે વેર ઝેર કેમ? શું આપણાં કરતાં કૂતરાં સારા છે? સમજદાર છે? કોઈ ઢંઢોળે તો જાગશું? મને યાદ છે! દિલ્હીમાં એક દીકરી પર અમાનુષી અત્યાચાર થયો હતો આખો દેશ હાથમાં મીણબત્તીઓ લઈ રસ્તે નીકળ્યો હતો.દુરચરીઓને સજા મળી હતી. આજ આજ કેવી હાલત છે? કયાં ગઈ ફરજ અને જવાબદારી ? આવી તો અનેક ઘટના ઘર આંગણે ઘટતી હશે. એકમેક સૌ સાથ સહકારથી ફરજની ફસલ વાવણી કરીએ.અધિકાર આપણાં જ છે અને રહેશે. આ આપણો દેશ છે. આઝાદ દેશ છે. સ્વરાજ છે. લોકશાહી છે. આપણે જ આપણાં નેતા પ્રતિનિધિ નકકી કરી મત આપી મહોર મારી દેશનું તંત્ર ચલાવીએ છીએ અને જયાં જયાં જરુર પડે ટેક્ષ વેરા રૂપે નાણાં ધિરાણ કરીએ છીએ.

આપણી ફરજ છે કે આપણો રૂપિયો ખોટો નીકળે નહીં. ખોટું કામ કરવું નહીં અને ખોટું કરવાં દેવું નહીં. ફરજરૂપી દિવો સદાય પ્રજવલિત રાખીએ, અધિકાર આપણાં જ છે અને રહેશે.

**દિપક પટેલ, શિક્ષક, આરટીઆઇ કાર્યકર્તા**

## આપણે કેમ ચમત્કારો પાછળ આંધળા થઈ દોટ મૂકીએ છીયે..?

આપણા દેશમાં બધાને જ કંઈને કઈ તકલીફ છે જ .કોઈને નોકરીનું ટેન્શન કોઈને છોકરીનું ટેન્શન કોઈને ધંધાનું ટેન્શન કોઈને વેપારનું ટેન્શન કોઈને સંતાનોના લગ્નનું ટેન્શન કોઈને સંતાનોને આવી કાતિલ કારમી મોંઘવારીમાં ભણાવવાનું ટેન્શન કોઈને હપ્તા ભરવાનું ટેન્શન કોઈને વીજળી બિલનું ટેન્શન કોઈને મકાન દુકાન ઓફીસના ભાડાનું ટેન્શન કોઈને સંતાન થતા નથી એનું ટેન્શન કોઈને સંતાનને સાચવવાનું ટેન્શન કોઈને બીમારીનું ટેન્શન હવે આપણી બધાની માનસિકતા કોઈ ચમત્કાર થાય અને આ બધામાંથી બહાર નીકળવાની હોય છે કોઈ ચમત્કારની વાત સાંભળી એને પણ આશાની કિરણ દેખાઈ છે.

આખો સમાજ પીડિત અને દુઃખી છે આ સમાજના પીડિત અને દુઃખી લોકોનું કોઈને કોઈ શોષણ કરતું રહેશે કોઈને કોઈ ધોળા દિવસે તારા બતાવવાની વાત કરશે. સમાજ સુખી અને સંપન્ન હોય તો ચમત્કારની આશા રાખશે નહી બહુ આવી વાતોમાં વિશ્વાસ કરશે નહી આમાં શિક્ષણ અને વિવેકબુદ્ધિ બહુ મોટો ભાગ ભજવે છે.

ચમત્કાર શુ છે? આ લોકો પોતાનું શોષણ કરાવવા સામે ચાલીને જાય છે તેઓ બધી તકલીફો મુસીબતથી છુટકારો ઈચ્છે છે એમાં વધારે હેરાન પરેશાન થાય છે ચમત્કારની આશામાં વધુ તકલીફો મુસીબતોમાં ફસાઇ જાય છે આ લોકોને ઝૂકી ઝુકીને નતમસ્તક થઈ જાય છે પછી આમાં વાંક કોનો કાઢવો ?

ગરીબી દુઃખ અને સમજદારીના અભાવે લોકો ચમત્કારની વાતમાં ફસાઈ જાય છે.પછી સર્વસ્વ ગુમાવી બેસે છે પછી એમની હાલત ધોબીના કૂતરા કરતા પણ ખરાબ થઈ જાય છે ના ઘરના ના ઘાટના.

જ્યાં સુધી તમે સમજી નહીં શકો કે આ બધી તકલીફોનું મુળ તમે પોતે



જ છો .તમારી આશા ઈચ્છાઓ અપેક્ષાઓ તમારી સમસ્યાઓનું મુળ છે તકલીફ તમારી અંદર છે તમને જ દૂર કરવી પડશે.

જેટલી ઈચ્છાઓ વધુ એટલા વધારે દુઃખી થશો જેટલી અપેક્ષા રાખશો એટલા વધારે હેરાન પરેશાન થશો એટલુ નક્કી લખી રાખજો.

સાચો ધરમ સાચો ભક્ત કદી ચમત્કારનો મોહતાજ હોતો નથી સાચા ધરમને ચમત્કારની ટેકણ લાકડીની કદી જરૂર હતી નહિ અને એક વસ્તુ યાદ રાખવાની જરૂર છે કોઈના મુખદર્શનથી ક્યારે પણ કોઈનું ભલું થયુ નથી અને થવાનું પણ નથી.

ધરમને તમારી ઈચ્છા અપેક્ષાઓ સાથે કઈ લેવાદેવા છે જ નહી. સાચો ધરમ તમારી બધી ઈચ્છા અપેક્ષાઓ શાંત કરે છે એ પળ ક્યારે આવે તમારી બધી ઈચ્છા અપેક્ષાઓ શાંત થઈ જાય એવી પળ આવે તમારી અંદર કોઈ ઈચ્છા અપેક્ષાઓ હોય જ નહી. તમને પરમ શાંતિ સુકુનનો અનુભવ થાય એ જ સાચો ધરમ છે તમારી કોઈ ઈચ્છા અપેક્ષાઓ હોય જ નહી તમને શાંતિનો અહેસાસ થશે. જો તમારું મન નિર્મળ સ્વચ્છ અને શાંત હશે તો આપોઆપ તમને ઈશ્વર બધું આપશે જ એ તમને બધું આપવા તત્પર જ છે તમને એના લાયક બનવાનું છે યોગ્ય પાત્ર બનવાનું છે. સુખ દુઃખ આપના મનનો ભ્રમ છે કોઈ બહારનું કોઈ દિવસ પણ તમારું સુખ દુઃખમાં વધારો કે ઘટાડો કરી શકવાનું છે જ નહી પારકી આશા સદા નિરાશ. મનથી મક્કમ બનો મનોબળ વધારો નિરાશાને ખંખેરી કાઢો આશાવાદી બનો. ભગવાને તમને કઈ સારા કામ માટે જ જન્મ આપ્યો છે .આમ તમારું કિંમતી જીવન વેડફો નહીં સમયનો સદુપયોગ કરો સારું જ થશે વિશ્વાસ રાખો.કાલ કરતા આજ વધુ સારી જ હશે.

**અબ્બાસભાઈ કૌકાવાલા, સુરત**

### સદગતના બેસણા નાં સમયે આપણે ધ્યાનમાં રાખવા જેવી કેટલીક બાબતો

(થોડી વાતો ધ્યાનમાં આવી, એટલે લખવાની ગુસ્તાખી કરું છું. જરૂરી નથી કે આ વાત બધાંને ગમે, કોઈને ના ગમે તો ક્ષમા કરશો અને આ વાત સર્વસામાન્ય બધાંને માટે છે, કોઈ ચોક્કસ જ્ઞાતિ કે સમાજ માટે નથી)

(૧) તમારો મોબાઈલ થોડાંક સમય માટે સ્વીચ ઑફ રાખશો (નાટક સિનેમા વગેરે જોવાં જાવ છો ત્યારે આનું પાલન કરો છો ને !? તો આ જિંદગીનાં એકદમ સાચાં ખેલ સમયે કેમ નહીં ?) (૨) સદગતની છબિ પર ફૂલ ચડાવી આપ્તજનોને બે હાથ જોડી વંદન કરી પોતાનું સ્થાન ગ્રહણ કરી રાખશો (થિયેટરમાં ત્રણ કલાક બેસો છો ને, તો અહીં અડધો કલાક કેમ નહીં ?) (૩) સદગતની છબિમાં પોતાને અને આપ્તજનોની હરોળમાં પોતાનાં આપ્તજનોને બેસેલા નિહાળવાની ફકત કોશિશ જ કરજો (મૂવી જોયાં બાદ હીરો કે હીરોઈનની વાળ, કપડાં વગેરેની કોપી કરીને એનાં જેવાં દેખાવા માંગો છો ને !) (૪) તમારી સામેની પહેલી હરોળમાં જે બેઠાં છે તેમણે હાલમાં જ પોતાનું પ્રિય સ્વજન ગુમાવ્યું છે, ભલે જનાર નેવું વરસનું હોય કે નવ વરસનું, પણ રડી ના શકો તો વાંધો નહીં. પરંતુ છેલ્લી ખુરશી પર જઈ વર્તુળાકારે ખુરશીઓ ગોઠવી મોટાં અવાજે વાતો કરી ઠઠ્ઠામશ્કરીનો માહોલ જરા પણ ઊભો કરશો નહીં (આ કંઈ ક્લાસરૂમ કે લગ્નમંડપ નથી) (૫) જનારનું મોત કુદરતી હોય કે અકુદરતી, તેનો નિર્ણય ઉપરવાળાએ કર્યો છે (તમે એ બાબતે જજમેન્ટ આપવાં ઓડિટ ના કરશો) (૬) જનારના દીકરા, વહુ, કુટુંબીજનો વગેરે એ સેવા કરી કે ના કરી, એમની મિલકત, એનાં કર્મો, સ્વભાવ વગેરેની ચર્ચા કરવાની વણમાંગી સત્તા કદી હાથમાં લેશો નહીં (આપણે પણ એક દિવસ સુખડના હાર વાળી તસ્વીર થઈ દિવાલે સ્થાન લેવાનું જ છે) (૭) બની શકે તો જેટલીવાર બેસો એટલીવાર મૌન રહી સદગતના આત્માની સદગતિ માટે ઈષ્ટ નામ સ્મરણ કરીએ (કારણ કે જિંદગીની ભાગદોડમાં ભગવાન ભૂલાય છે) (૮) સદગતના આપ્તજનોના દુઃખમાં ભાગીદાર થવાની કોશિશ કરીએ અને જનારનાં મોતનો મલાજો પાળીએ. આવો ભેગાં થઈ એક નવી શરૂઆત કરીએ.

ઓમ્ શાંતિ

## દર વરસે ઘઉં ભરવાનું પીપડું ધોવાનો દાખડો શું કામ કરો છો?અમારો નિર્દોષ , હર્બલ અને સાત્વિક સવાલ !!!

ક્યાં લગી પેપરમાં ડોળા ફાડશો? હવે ચા ડહી લો!" રશિયા યુક્રેન પર મિસાઈલ કે ફાધર બોમ્બથી ભીષણતમ હુમલો કરે તેમ રસોડામાંથી રણચંડી રાધાએ( અમારી ગૃહ સ્વામિનીનું નામ રાધારાણી છે-લિ. ગિરધરલાલ ગરબડીયા !) હુમલો કર્યો. રશિયા-યુક્રેન વચ્ચે તો સવા-દોઢ વરસથી યુધ્ધ ચાલે છે. અમારા ગૃહ યુધ્ધ આંતરિક સંગ્રામને ઓગણત્રીસ વરસ પૂરા થયા અને રમખાણને ત્રીસમું વરસ બેઠું. આમ, તો મડા( મૃતદેહ) પર વીજળી પડે તો શું નુકસાન થાય??

"હંઅઅમ્" કૂવામાંથી પાણીની ડોલ નાંખી પાણી સિંચીએ અને ભરેલી ડોલ કૂવાની દીવાલે અથડાતા કૂટાતા જે અવાજ નિષ્પન્ન થાય તેમ મારા મુખમાંથી ઉદ્ગાર નીકળ્યો!!

"ભૈશાબ તમારાથી તૌબા તૌબા. ભગવાને શું ખાઇને તમને પેદા કર્યા છે! પોદળાની જેમ પડયા તે પડયા. ઉભા થવાનું નામ જ નહીં. ટાઢા ટપલા. મારે ધણા કામ છે. હમણા નળ જતો રહેશે. ( કોંઇએ નળ જતો રહેશે તે વાક્યનું પોસ્ટ મોર્ટમ કરવું નહીં. મ્યુનિસિપાલિટીનો નળ જતો નથી. પરંતું, નળમાંથી પાણીનો પ્રવાહ જાય છે!!) " માવઠાની જેમ ઘરવાળીએ મને પાછો ધમકાવ્યો.

"રાધા તને શું પ્રોબ્લેમ છે?? રવિવારની રજાના દિવસે શાંતિથી ચા પીવા કે અખબાર વાંચવા દે " મેં બે હાથ જોડી રાધા રાણીને કહ્યું.

"ગિરધરલાલ . હું તમારી જેમ બખડજંતર ચેનલની રીપોર્ટર નથી. મારે શરીર તોડીને ઘરના કામ પૂરા કરવાના હોય છે.આખા દિવસમાં ટાંટિયો વાળીને બેસી શકતી નથી." રાધારાણીએ પાછો કકળાટ કર્યો.

"તમે, માળિયે ચડીને કોસ્ટિક સોડા શોધી આપો. મેં ગેસ પર પાણીનું તપેલું ચડાવ્યું છે. મારે ઘઉં રાખવાનું પીપડુ ધોવાનું છે. આખા વરસના ઘઉં સાચવવા સરખી રીતે પીપડુ ધોવું પડે!!કોઇક દિવસ તો મને મદદ કરો .કોક' દિ તો રામ બોલો!" રાધારાણીના હુમલાઓ નોન સ્ટોપ ચાલુ.

"આ બધા કામ મારે કરવા પડશે તેવું સપ્તપદીના વચનોમાં કયાં લખ્યું છે?" મેં દલીલ કરી.

"જાવ લપ કર્યા વિના જાવ. રાઈનો પહાડ અને રજનું ગજ કરો છો?? છાનામાના કોઠારમાંથી ઘઉંનું પીપડું લઈ આવો" સુપ્રિમ કોર્ટમાંથી હુકમ છૂટ્યો . તાબાની કોર્ટ સર્વોચ્ચ અદાલતના હુકમની અવગણના કરી શકતી નથી.

ગિરધર ગરબડીયા કોઠારમાં ગયા.ફૂવડ સ્ત્રીના રસોડા જેવા કોઠારના દીદારે યાર હતા. કરોળિયા ઝાળાં, ગરોળીની સફેદ- કાળી હગાર( ગરોળીની હગાર શ્વેત-શ્યામ હોય તે પણ અલગ સંશોધનનો વિષય છે!!), ઉંદરની લીંડી, ઉંદરે કોતરેલા ઘઉં અને શણના કોથળાના પ્લાસ્ટિકની કતરણ, ફાટેલા છાપા!! માનો કે લોથલ આવી ગયા!! મેં કોઠારમાંથી પીપડું બહારની ચોકડી તરફ લઇ જવાનું ગિરધરથ અભિયાનનો આરંભ કર્યો !! પીપડું આંખોની આગળ હોવાથી એક પગથિયું ચૂકી જવાથી પીપડું અને હું જમીનગામી થયા.!!!રાધારાણી મારી ચીસોથી વિચલિત ન થયા, અપિતું, પીપડાને પડેલા ઘોબાથી વિચલિત થયા!!

"વરસભરના ઘઉં સાચવવા લોકો જાતજાતની યુકતિ, પ્રયુકતિ , નુસ્ખા, ટોટકા, જુગાડ કરે છે. અરે, ભાઇ કેમ ન કરે ? વરસભર ઘીથી લથપથ ફૂલ્કા રોટલી ખાવી હોય તો થોડી તકલીફ લેવી પડે જ.લોકો ઘઉંમાં બોરીક પાવડરની પોટલી, પારાની ગોળી,પારાની થેપલી ,પીપડાના તળિયે કુવળનો ૧-૨ ઈંચનો થર,લીમડાના પાન , કોલસાની રાખ,ડુંગળી,સુવાદાણાની પોટલી બોડુથરા નામની વનસ્પતિના ફળનો ઉપયોગ કરે છે!! કોઠારના દિવાસળીનું તોરણ કરી ઘઉંમાં લગાવે છે. દિવાસળીના ફોસ્ફરસની ગંધને લીધે જીવજંતુ ઘઉંથી દૂર રહે છે!!" મેં રાધારાણીને ઘઉં સાચવવાની રીતો બતાવી .

"ગમે તેટલી કાળજી લઇએ પણ ભેજ,અવાવરું વાતાવરણને લીધે ફૂદા,વાંતરી,ધનેડા, ઇયળ પડે છે. જેની સવારની ચા બગડે તેનો દિવસ બગડે છે તેમ ઘઉં બગડે તેની રોટલી બગડે છે!! રાધારાણી ઉવાચ !!

"મને એક વસ્તુ સમજાતી નથી" મેં રાધારાણીને કહ્યું!?

"તમે અક્કલના બુઠા છો. તમારી સર્કિટ ઉડી ગઇ છે!! તમને કયાં કોઇ વાત સમજાય છે!?" રાધારાણીએ વ્યંગ્યોક્તિ મને તાર તાર કરી નાંખ્યો!

પીપડાની અંદર ચામડી ઉતરડાઇ જાય તેવું કોસ્ટિક સોડાવાળું નાંખ્યું. મેં પ્લાસ્ટિકનો કૂચો લઇ પીપડામાં હાથ નાંખ્યો. ગરમ પાણીથી હાથ અને દિલ જલી ગયા. લગ્ન અને પ્રેમમાં ગરમાનુભૂતિ જ થાય છે ને! કુંવરબાઇની સાસુએ વેવાઇ નરસિંહ મહેતાને સ્નાન માટે ગરમ પાણીની છલોછલ કૂંડી આપેલી. નરસિંહે ગરમ પાણીમાં સમાવવા માટે બાજુના ઘરમાંથી ઠંડું પાણી માંગવાના બદલે કેદારો ગાયો.આમ, કરવાથી દીકરીના સાસરામાં નરસિંહનું નાક કપાશે તેનો પણ વિચાર કર્યો નહીં. સદભાગ્યે કેદારો કામે આવ્યો . નાહવાની કુંડીમાં ઠંડું પાણી પડ્યું .નરસિંહે ગરમાગરમ ( ઠંડાગરમ) પાણીએ નાહી નાંખ્યું ( નાહી લીધું તેમ કહેવાય, ઠાકુર , નાહી નાંખ્યું તેમ કહેવાથી અર્થનો અનર્થ થાય બરખુદાર!! ) સાલ્લુ અમને કેદારો આવડે નહીં અને ગરમ પાણી ટાઢું થાય નહીં એટલે અમે નિર્દોષભાવે સાત્વિક અને હર્બલ નસવાલ કર્યો,"તમે દર વરસે પીપડામાં દિવેલ દીધેલ ઘઉં ભરો છો. નવા વરસે ઘઉં ખરીદો છો. ઘઉં સાફ કરો છો. ઘઉંનો દિવેલથી મોવો છો .ઘઉં પીપડામા ભરવા કોસ્ટિક સોડા કે પાવડર ધોવો છો. પછી પીપડામાં દિવેલ દીધેલા ઘઉં ભરો છો?? તો પછી ઘઉંનું પીપડું ધોવાની કડાકૂટ શું કામ કરો છો??"

પછી શું થયું ?? એ વાંચક ભાઇ તમારે ઉંબાડિયા લગાવવા સિવાય કોઇ કામ ધંધા નથી?? તમે સેડીસ્ટ છો?? કોઇ કૂતરાની પૂંઠે મરચું લગાવો અને કૂતરૂં છટપટાય તેમાં કેમ વિકૃત આનંદ આવે છે?તમે આવા સવાલ કરી શું કામ વાટ લગાડો છો??

ક્રૂધ્ધ થયેલા રાધાપાણીએ વેલણને ગાઈડેડ મિસાઈલ બનાવી મારા પર છોડ્યું છે તેનાથી બચવા સાત યુગથી દોડું છું!! હવે તો મારો છાલ છોડો??

**-ભરત વૈષ્ણવ**

### આપજો

છચ્છા થાય તો,
બરફી આપજો.
છચ્છા થાય તો,
અશરફી આપજો.
કરેલા ગુનાઓની,
સાફ માફી આપજો.
પેટને ખાલી કરવા,
સાફી ચૂર્ણ આપજો.
અપરાધોની સજા,
એકતરફી આપજો.
સખીના નામનો નશો,
કાફીબાફી આપજો!

**-ભરત વૈષ્ણવ**

# પ્રાર્થનાની શક્તિ




આપણે સૌ નાનપણથી જ પ્રાર્થના શબ્દથી પરિચિત છીએ. કોઈપણ શાળામાં શરૂઆત પ્રાર્થનાથી જ થાય છે. ત્યારે આપણે કોઈ મંત્ર, શ્લોક, ભજન કે આરતીને જ પ્રાર્થના માનતાં હતાં. શું આ જ પ્રાર્થના કહેવાય?

ના, તો પ્રાર્થના એટલે શું ?

પ્રાર્થના શબ્દ પ્ર + અર્થ થી બનેલો છે 'પ્ર' એટલે વિશેષ અને 'અર્થ' એટલે વિનંતી કરવી. આપણી શુદ્ધિ માટે ચિંતન સભર ઈશ્વર સ્મરણ એટલે પ્રાર્થના. પ્રાર્થનાનો પવિત્ર પરિઘ બ્રહ્માંડથી પણ વિશાળ છે.

પ્રાર્થના માટે કોઈ બાહ્ય દંભ દેખાડા, મોટા અવાજ, કોઈ ચોક્કસ સ્થળ કે મુદ્રાઓની જરૂર હોતી નથી. ભાવપૂર્વક થતી પ્રાર્થનાનાં અંતે માણસ પોતે જ પ્રાર્થનામય થઈ જાય છે. દિલથી પરમ તત્વ સાથે સરસંધાન તે પ્રાર્થના. કોઈ નાનું બાળક કાલી ઘેલી ભાષામાં હાથ જોડીને બોલે તો તે પ્રાર્થના બની જાય છે! પરંતુ ભાવવિહીન ઠાલા ભજનો એ પ્રાર્થના નહીં ફક્ત બડબડાટ છે.

પ્રાર્થનામાં એક તાકાત છે. કોઈ એક વ્યક્તિ પ્રાર્થના કરે તેની જગ્યાએ જો સમૂહપ્રાર્થના થાય તો તેનો એક અલગ જ પ્રભાવ હોય છે. કોરોનાકાળમાં સમૂહપ્રાર્થનાની મદદથી ઘણાં મોતનાં મુખમાંથી પાછાં આવ્યાં છે. સાચાં હૃદયથી કરેલી પ્રાર્થના ચમત્કાર સર્જી શકે છે. પ્રાર્થનાથી આપણું ભટકતું મન શાંત થાય છે, એકાગ્રતા વધે છે. પ્રાર્થના આમ તો નિયત સમયે થાય તો ઉત્તમ, પણ ના થઈ શકે તો ચાલતાં ચાલતાં, કામ કરતાં પણ થઈ શકે છે. હૃદયથી, સ્વાર્થરહિત થતી સ્તુતિ એટલે પ્રાર્થના. પ્રાર્થનાનું ફળ ત્યારે જ મળે જ્યારે પ્રાર્થનામાં વિશ્વાસ અને ઈશ્વરમાં શ્રદ્ધા હોય.

ગાંધીજી હંમેશા કહેતા, 'પ્રાર્થનાથી મારું મનોબળ મજબૂત થાય છે.' આધુનિક વિજ્ઞાન પણ પ્રાર્થનાથી શરીરમાં હકારાત્મક ઊર્જા ઉત્પન્ન થાય છે તે સ્વીકારે છે. આપણે મેકઅપ અને ટાપટીપથી આપણો બાહ્ય દેખાવ થોડા વખત માટે બદલી શકીએ છીએ, જ્યારે પ્રાર્થનાથી આપણાં હૃદયનાં મલિન વિચારોને ઓગાળીને તેની જગ્યાએ શુભ સંકલ્પો ભરી આખાં બદલાઈ શકીએ છીએ. પ્રાર્થના આપણાં હૃદયને એવું પવિત્ર મંદિર બનાવી શકે છે કે જ્યાં ઈશ્વરને પણ વાસ કરવાનું મન થાય! આજે માણસ પાસે અઢળક સંપત્તિ છે પરંતુ મનની શાંતિ નથી ,જે પ્રાર્થનાથી જ શક્ય છે. મને સૌથી ગમતી પ્રાર્થના છે એક પુત્ર વત્સલ્ય પિતા કવિ નરસિંહરાવે ઉદ્દગારેલી પ્રાર્થના

'મંગલ મંદિર ખોલો'

આપણે સૌ સવાર - સાંજ આપણાં માટે નહીં પરંતુ સમસ્ત સૃષ્ટિ માટે, સૌનાં કલ્યાણ માટે પ્રાર્થના કરીએ એ ઉત્તમ પ્રાર્થના છે. પ્રાર્થના કરવી અને પ્રાર્થના થઈ જવી એ બંને અલગ વાત છે. જ્યાં સુધી પ્રાર્થના થઈ જાય એ અવસ્થાએ ના પહોંચાય ત્યાં સુધી આપણી બધી પ્રાર્થનાઓ એ ફક્ત પ્રયત્ન હોય છે. મુશ્કેલીના સમયમાં પ્રાર્થના જેવી બીજી કોઈ મદદ નથી જ્યારે આપણે કંઈ જ ના કરી શકીએ ત્યારે ફક્ત પ્રાર્થના હિંમત આપે છે.

આપણે હંમેશા ઈશ્વર પાસે આપણી અતૃપ્ત ઈચ્છાઓની પૂર્તિ કરવા માટે માંગતાં હોઈએ છીએ. આ પ્રાર્થના નથી પરંતુ યાચના છે. પરંતુ જો એ બીજા માટે માગવામાં આવે તો એ પ્રાર્થના થઈ જાય છે! પ્રાર્થનામાં માગવાનું નહીં, પરંતુ આપવાનું હોય છે, ભાવભર્યું હૈયું .

પ્રાર્થનાને હું લોન્ડ્રી સાથે સરખાવું છું, કેમકે પ્રાર્થના મન અને હૃદયનાં મેલને ધુએ છે. પ્રાર્થના પછી મન, હૃદય વિશુદ્ધ થાય છે. ભજન કીર્તન એ તો માત્ર પ્રાર્થના માટેનાં સાધન છે, સાધ્ય તો ઈશ્વર સાથેનું જોડાણ છે. શબ્દ વિનાની પણ હૃદયથી થતી પ્રાર્થના ઉત્તમ છે. આપણે છીએ તેનાંથી વધારે સારાં બનવાની પ્રાર્થના એ જ સાચી પ્રાર્થના.

ટૂંકમાં ,
શ્રદ્ધા, વિશ્વાસ ને શરણાગતિ,
પ્રાર્થના કરે આપણી ઊર્ધ્વગતિ.
હૃદયમાંથી ઉઠે જ્યારે અંતરનાદ,
કરે શુદ્ધ આચાર, વિચાર ને મતિ.

**-ભારતી ભંડેરી 'અંશુ', અમદાવાદ.**

### કોને ખબર ?



ન હતી ખબર મુજને ઘડપણ એક દિન આવી જશે
આયનામાં મુખ નિહાળતાં નયનો ચાડી ખાઈ જશે
જુવાની તું જવાની વાત સમજાઈ જશે
★★
મુખ પર ચમકતી લાલી એકાએક અદ્રશ્ય થઈ જશે
કરચલીઓની સાથિયો સમગ્ર મુખ પર ફેલાઈ જશે
જુવાની તું જવાની વાત સમજાઈ જશે
★★
પરોઢિયે ઉઠતાંની સાથે સ્ફૂર્તિ ગાયબ થઈ જશે
'ઓય મા'ના ઉચ્ચારે દર્દથી કમર જકડાઈ જશે
જુવાની તું જવાની વાત સમજાઈ જશે.
★★
ચટકતી ચાલ અને સેંડલના સાદ વિલાઈ જશે
હાથમાં લાકડી ચાલ ઠુમકા સઘળે રેલાઈ જશે
જુવાની તું જવાની વાત સમજાઈ જશે
★★
કાળી મોટી આંખોની જ્યોતિ ઝાંખી થઈ જશે
બન્ને આંખમાં મોતિયાની મહેરબાની થઈ જશે
જુવાની તું જવાની વાત સમજાઈ જશે
★★
સુહાની બત્રીસીમાં ખાડા ટેકરા થઈ જશે
ચોકઠાંથી શોભતું સ્મિત મુખે રેલાઈ જશે
જુવાની તું જવાની સમજાઈ જશે
★★
બાળપણ કૌમાર્ય યુવાની ઈતિહાસ થઈ જશે
ઘડપણ આવી પહોંચ્યું બારણે દસ્તક દઈ જશે
જુવાની તું ગઈ વાત સમજાઈ ગઈ

**-પ્રવિણા કડકીયા**

NEWS OF GANDHINAGAR_P-2

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS N0: 0112
પ્રકાર : પદ્ય
વિષય : સબંધ
શીર્ષક : સબંધોનુ ગણીત
સબંધો છે જીવન વહેવારનુ , એક પ્રકારનુ અઘરુ ગણીત
જીવનમાં છે એના પણ ફાયદા - ગેર ફાયદા અગણીત
સબંધોનો કરીએ ગુણાકાર, તો જીવનને મળશે નવો આકાર
સદાય કરતા રહીશુ માત્ર ભાગાકાર, તો જીવન બને ભેંકાર.
બાદબાકી ભજવે ભાગ સબંધમાં, તો એકલવાયા થવાય
જો સરાવળો થાય સબંધનો, તો આનંદ ઉલ્લાસ વર્તાય,
સંસાર તણી પરીક્ષામાં સબંધના ગણીતનુ પેપર પુછાય
આ કોષ્ટક રાખજો યાદ 'રાજ' ચોક્કસ સારા માર્ક મેળવાય.
રાજેશભાઇ વ્યાસ 'રાજ' ધ્રુવનગર..મોરબી

---

NOG SS NO:153
પ્રકાર:ગધ્ય. વિષય:સંબંધ.
શીર્ષક:સંબંધો નું બંધન શબ્દો:૧૫૪
લેખક નું નામઃ જિતેન્દ્ર શાહ.

એકબીજાં થી મળતી હુંફ એટલે સંબંધ, એકબીજાં થી ચડતો હાંફ એટલે બંધન. સાંનિધ્ય પ્રાપ્ત થાય તે સંબંધ, આધિપત્ય જમાવે તે બંધન. કુટુંબીજનો કુટુંબ ને ઊંચુ લાવવાં તમે કરેલ કાર્યો ને ગણગણે તે સંબંધ, અવગણે તે બંધન. ઓફીસ થી ઘરે પહોંચતાં કોયલ નો કલબલાટ સંભળાય તે સંબંધ, કાગડાં નો કકળાટ સંભળાય તે બંધન. તમારી અપેક્ષાઓ પુરી કરે તે સંબંધ,અપેક્ષાઓ ની ઉપેક્ષા કરે તે બંધન. આપણી સાથે હરખ થી વાત કરે તે સંબંધ,વરખ ચોપડી ને વાત કરે તે બંધન. જે ઘર માં લાગણીઓ નાં સૂર સંભળાય તે સંબંધ, માગણીઓ નાં સૂર સંભળાય તે બંધન. જે ઘર માં પુરુષ નો અવાજ શંખનાદ જેવો હોય અને સ્ત્રી નો અવાજ વાંસળી જેવો હોય તો તે સંબંધ,તેનાંથી ઊંધુ હોય તો તે બંધન. સહજીવન અને સહશયન અલંકાર નાં રુપ માં હોય તો તે સંબંધ ને અહંકાર નાં રુપ માં હોય તો તે બંધન. સંબંધો સાચવવાં માટે ની સોનેરી સલાહ છે. સામેવાળાં ની ભાવનાઓ ને જુઓ, સંભાવનાંઓ ને નહીં.

---

NOG SS No : 0078
પ્રકાર - પદ્ય (અલગ અલગ છંદમાં સંબંધ પરના શેર)
શીર્ષક - સંબંધોના ચક્રવ્યૂહ
સંબંધો કેવા તૂટે છે;
જ્યારે ઈર્ષાથી ઝૂરે છે.
ક્યાંક કાળાં ને ક્યાંક છે ધોળાં;
કોઈ રંગી સંબંધના દોરા.
ચાલને સંબંધો રીચાર્જ કરીએ;
કોઈ ભૂલો ડિસ્ચાર્જ કરીએ.
સામે સંબંધોનું રણ છે;
ચાલવું જ પડશે, સગપણ છે.
એ નથી પહેલાંની માફક ચાલતો;
થઈ ગયો સંબંધને ઘૂંટણમાં વા.
દુઃખનું મોટું કારણ છે સંબંધો;
ને દુઃખનું મારણ પણ છે સંબંધો.
સામ્યતા છે જ ઘંટી ને સંબંધમાં;
રોજ તેમાં બધાં થોડું ખુદને દળે.
હોય સંબંધો મુજબ ચહેરા - મિજાજ;
ક્યાં હવા પણ એકસરખી વાય છે!
ચાલ કરીએ સંબંધોની સોનોગ્રાફી ;
કેમ કરી સમજું અંદરની ફોટોગ્રાફી?
હો ગોળ જેવો પ્યાર, ઘી સમ લાગણી;
સંબંધ ત્યાં લાગે સરસ કંસાર છે.
આજ સંબંધોની વ્યાખ્યા છે અલગ;
એકબીજાની હતા, એ ઢાલ ક્યાં?
ધીમે ધીમે બધા જ સંબંધોના રૂખ ને રૂહ?
કો'ને સ્વના પરાણે કરાયા નહીં, તો પણ.
પ્રેમ, સમજની મેળવણી જ્યારે ક્યાંક ભળી;
સંબંધ મધુર થઈ ત્યાં ચારે હાથે જામ્યો.
સંબંધમાં એ હોય તો આવે નહીં મજા;
શરતો મૂકી મૂકીને વળ્યું શું, કહો તમે!
સાચા સંબંધો આજે ક્યાં ખોવાયા છે?
સંબંધોમાં પણ સહારા ભાગ્યે જ મળે છે.
જો સંબંધો હાર ને મોતી છે સંબંધી, હવે!
કોઈ મોતી જોડ્યું "શ્વેતા", કોઈ પણ તૂટ્યું કદી.
જો ખોટું લાગશે તો! થાય કંઈ આવું? ના, ના કહેવાય;
સંબંધે બેઉ પક્ષે આ સમજવાનું જરૂરી છે.
શું કહું? નિર્જીવ વસ્તુ સાચવે, સંબંધ તો જીવિત;
રગેરગમાં સંબંધોનુંય વહેવાનું જરુરી છે.
ફાટ સંબંધોમાં પાડ્યા બાદ પણ કંઈ વેતરણ!
ઘા ઉપર ભભરાવવામાં કોઈ પાછળ તો નથી?
ઉડાડું દૂર પિચકારી ને ×શ્વેતા× ભેળવી અંદર;
સરસ સંબંધની લીલાશથી રંગો બનાવું તો?
તું હસતાં સાથ રમતાં બાળકોનો પાડી લે ફોટો;
પછી સંબંધમાં આ સૂર સાથે તાલ ના યે હોય.
સંબંધ તૂટે તો શરુમાં હાથમાં ના રહે પછી;
મળવા કદી ક્ષણ એટલી એવી તડપતી યે નથી.
સુધારી દઉં ઘણું, ઉપલબ્ધ કંઈ ઓજાર, પણ છે ક્યાંય?
કરે સંબંધ પહેલાં પેઠે એ પાનું જ બાકી છે.
ખોતરી ગઈ જ્યાં અહમ્ ની ઊધઈ સંબંધને ત્યાં;
લાગે, પણ સંબંધ એ પહેલાની જેવો કંઈ હશે નહીં.
સંબંધે સાત નહિ પણ સાતસો ચક્રો, વ્યૂહો, કોઠા;
કર્યું બહુ પાર 'શ્વેતા' ક્યાં? શું! અટક્યું જાળમાં અંતે?
- શ્વેતા તલાટી

---

NOG SS No: 151
વિષય - સંબંધ.
પ્રકાર - પદ્ય (ગઝલ)
શીર્ષક -રોજ ફોસલાવે છે.
જિંદગી રોજ ફોસલાવે છે,
જાતને રોજ પોપલાવે છે.
બિનશરતી કરાર માંગે છે,
શર્તને રોજ દોહરાવે છે.
જિંદગી બે શરમ બની ગઈ છે,
રોજ સંબંધ બેવડાવે છે.
જિંદગી મોહરું બનાવે છે,
જીભથી રોજ બોદરાવે છે.
લાજવાથી વિશેષ ગાજે છે,
નાક-લીટી તણાવરાવે છે.
અનિલ દવે. ('અનુ')

---

NOG SS NO - 0037
નામ /ઉપનામ - હેમલતા દિવેચા 'હેમ' વિષય - સંબંધ.
પ્રકાર - પદ્ય.
શીર્ષક - સંબંધો ઈશની ભેટ.
સંબંધો ઈશની અનમોલ ભેટ,
સંબંધો માનવીને મહામાનવ બનાવે છે.
હૃદયને સ્પર્શી જાય,
એ જ આપણાં હોય છે.
વગર ચોમાસે ભીંજવી જાય,
એ જ આપણાં હોય છે.
યાદ કરે ના કરે, યાદોમાં રહે,
એ જ આપણાં હોય છે..!
સમયનો અભાવ હોય કે પ્રભાવ,
સંબંધો સુખ દુઃખનાં ભાગીદાર હોય છે.
ખુશ રહે દૂરથી પણ,
એ જ કામના હોય છે.
સંબંધ પણ અદ્ભુત હોય,
મનગમતું બંધન હોય છે.
કોઈનું નામ હોય,
તો કોઈ બેનામ હોય છે.
મુલાકાત થાય ન થાય,
વાત પણ 'વા ' સાથે થાય.
ઓનલાઈન જોઈ,
સ્મિત રેલાય જાય છે.
ફૂલ નથી એ પણ,
મનને મહેકાવે હર ક્ષણ.
અહેસાસ તેનો,
અદકેરો આનંદ હોય.
સંબંધો જીવવાની આશ,
જીવનને બાગબાન બનાવે.
સંબંધોની માયાજાળ,
'ઈશ' ની ઝાંખી કરાવી જાય 'હેમ'
-હેમલતા દિવેચા.

# રાજ્યમાં સરેરાશ દરરોજ ૨ ૨થી વધુ, દર મહીને સરેરાશ ૬૭૦થી વધુ મહિલાને લગતા ગુન્હોઓ નોધાયા

સબ સલામત અને સુરક્ષિત ગુજરાતની માત્ર જાહેરાતો કરતી ભાજપ સરકારની પોલ ખોલતા અને ગુજરાતમાં વધતા મહીલઓને લગતા ગુન્હાઓ અંગે ભાજપ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તાશ્રી હિરેન બેક્રરએ જણાવ્યું હતું કે મહિલા સુરક્ષાની વાતો - જાહેરાતો વચ્ચે છેલ્લા પાંચ વર્ષ(૨૦૧૭-૨૧)માં ભાજપના રાજમાં ગુજરાતમાં ૪૦૬૦૦થી વધુ મહિલાને લગતા ગુન્હાઓ નોધાયા છે જે ગુજરાત માટે ખુબ ચિંતાજનક છે. રાજ્યમાં અપહરણ, બળાત્કાર, ઘરેલુ હિંસા, દહેજ મૃત્યુ અને શોષણ ,મહિલાઓ પર ઍસિડથી પણ હુમલા, મહિલાઓનું ટ્રાફિકીંગ, મહિલાઓ સાઈબર ક્રાઈમ સહિતના ગુન્હાઓ થઇ રહ્યા છે. ગુજરાતમાં સરેરાશ દર વર્ષે ૮૦૦૦થી વધુ મહિલાને લગતા ગુન્હાઓ નોધાય છે એટલે કે દર મહીને સરેરાશ ૬૭૦થી વધુ અને દરરોજ ૨૨થી વધુ મહિલાને લગતા ગુન્હોઓ નોધાય છે. ન નોધાયેલા ગુન્હાઓનો આંકડાઓ પણ ખુબ મોટો છે. રાજ્યમાં ૨૦૧૭માં ૮૧૩૩, વર્ષ ૨૦૧૮માં ૮૩૨૯, વર્ષ ૨૦૧૯માં ૮૭૯૯, વર્ષ ૨૦૨૦માં ૮૦૨૮ અને વર્ષ ૨૦૨૧માં ૭૩૪૮ જેટલા મહિલાને લગતા ગુન્હાઓ નોધાયા છે. મહિલા સુરક્ષાના તમામ કાયદા હોવા છતાં મહિલાઓ વિરુદ્ધના અપરાધના મામલા વધી રહ્યાં છે ત્યારે મહિલાઓ વિરુદ્ધ થતા અત્યાચારો ઉપર લગામ લગાવવા અને દીકરીઓને સુરક્ષા આપવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. દેશમાં પણ સતત મહિલાઓને લગતા ગુના વધી રહ્યા છે. ભાજપ શાસનના નવ વર્ષના શાસનમાં મહિલાને લગતા ગુના અવિરત થઈ રહ્યા છે. આંકડા પ્રમાણે કોરોના મહામારીનું ૨૦૨૦ના વર્ષને છોડી દઈએ તો પ્રતિવર્ષ મહિલા વિરુદ્ધના ગુન્હાઓમાં સતત વધારો થઈ રહ્યો છે. તાજેતરમાં લોકશાહીના મંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું બીજી બાજુ જે મહિલાઓ-દીકરીઓએ સમગ્ર દેશને માન-સન્માન-ગૌરવ અપાવ્યું તેમની સાથે કેવું ગેરવર્તણુક કરવામાં આવ્યું એ દેશે જોયું છે. દર વર્ષે દેશમાં સરેરાશ ૩૭૦૦૦૦થી વધુ મહિલાને લગતા ગુન્હાઓ નોધાય છે. માત્ર વર્ષ ૨૦૨૧માં જ ૪૦૯૨૭૩ જેટલા કેસો નોધાયા છે. જે દેશ માટે ખુબ જ ચિંતાનો વિષય છે. આદરણીય રાહુલગાંધીજીએ કહ્યું હતું કે ભાજપે "બેટી બચાવો' સૂત્ર તો આપ્યું છે પરતું કોનાથી બચાવો. ભાજપના ધારાસભ્ય કુલદીપ સેંગર પર બળાત્કારનો કેસ, સાંસદ પર એથ્લીટ્સ ખેલાડીઓની છેડતીનો આરોપ, નલિયા કાંડ સહિતના કેસોમાં કેટલાંય ભાજપના નેતા, પદાધિકારીઓના નામ મહિલા અત્યાચારમાં સામે ત્યારે ભાજપ કેમ મૌન થઈ જાય છે? જે ભાજપની મહિલા વિરોધી માનસિકતા દર્શાવે છે. માત્ર જાહેરાતો- પ્રવચનો અને સુત્રોમાં મહિલા સુરક્ષાની વાતો કરવાને બદલે ભાજપ નક્કર પગલા લે તો જ મહિલાને લગતા ગુન્હાઓ અટકશે અને બહેન-દીકરીઓ સુરક્ષિત અનુભવશે.

# એમસીએક્સ પર કોટનના વાયદામાં ૧,૬૮૦ ખાંડીના વોલ્યુમ સાથે ભાવમાં ખાંડીદીઠ રૂ.૪૬૦નો સુધારો

## સોનાના વાયદાના ભાવમાં રૂ.૩૫૪ અને ચાંદીમાં રૂ.૪૪ની વૃદ્ધિઃ ક્રૂડ તેલનો વાયદો રૂ.૮૪ ડાઊનઃ નેચરલ ગેસ સુધર્યુંઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦,૨૫૬ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧૫૦૦૭ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૧ કરોડનાં કામકાજ

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં મંગળવારે પ્રથમ સત્ર સુધીમાં ૩,૧૬,૨૪૩ સોદાઓમાં કુલ રૂ.૨૫,૨૯૪.૬૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૦,૨૫૫.૮૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧૫૦૦૭.૭૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮૮,૦૧૧ સોદાઓમાં રૂ.૭,૫૨૦.૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૪૦૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૮૦૦ અને નીચામાં રૂ.૫૯,૨૨૫ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫૪ વધી રૂ.૫૯,૭૭૩ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની મે કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૧૫ વધી રૂ.૪૮,૪૯૯ અને ગોલ્ડ-પેટલ મે કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૭ વધી રૂ.૫,૯૬૨ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જૂન વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૩ વધી રૂ.૫૯,૭૧૧ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૧,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૧,૩૨૮ અને નીચામાં રૂ.૭૦,૪૮૪ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૪ વધી રૂ.૭૧,૧૬૯ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૩ વધી રૂ.૭૧,૨૪૧ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૮ વધી રૂ.૭૧,૨૩૯ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૦,૫૨૭ સોદાઓમાં રૂ.૧,૦૮૭.૬૨ કરોડના વેપાર થયા હતા. તાંબુ મે વાયદો રૂ.૭૦૩.૩૫ના ભાવે ખૂલી, રૂ.૨.૫૫ ઘટી રૂ.૭૦૬.૬૦ જ્યારે એલ્યુમિનિયમ મે કોન્ટ્રેક્ટ રૂ.૨ ઘટી રૂ.૨૦૬.૫૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૫ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૦ ઘટી રૂ.૨૧૦ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની મે વાયદો ૧ કિલોદીઠ રૂ.૩.૧૫ ઘટી રૂ.૨૦૫.૭૫ સીસુ-મિની મે કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ ઘટી રૂ.૧૮૪.૯૫ જસત-મિની જૂન વાયદો રૂ.૨.૫૫ ઘટી રૂ.૨૧૦.૨૫ બોલાઈ રહ્યો હતો. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૪૪,૭૪૩ સોદાઓમાં રૂ.૧,૬૩૩.૯૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૬,૦૦૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૦૨૧ અને નીચામાં રૂ.૫,૮૯૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૪ ઘટી રૂ.૫,૯૫૨ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૮૨ ઘટી રૂ.૫,૯૫૪ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૬ના ભાવે ખૂલી, રૂ..૩૦ વધી રૂ.૧૯૫.૬૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૦.૩ વધી ૧૯૫.૭ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૩.૭૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૦૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૩૮૦ અને નીચામાં રૂ.૫૮,૭૨૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૬૦ વધી રૂ.૫૯,૩૪૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ મે કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૮૦ ઘટી રૂ.૯૫૧.૨૦ બોલાયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૪,૬૨૭.૬૫ કરોડનાં ૭,૭૭૧.૬૩૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૮૯૨.૯૫ કરોડનાં ૪૦૭.૧૪૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૯૨૧.૯૪ કરોડનાં ૧૫,૪૯,૧૫૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૭૧૧.૯૭ કરોડનાં ૩,૬૨,૧૮,૫૦૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩૭.૧૫ કરોડનાં ૬,૬૫૮ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૯ કરોડનાં ૧,૫૮૨ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૫૮૫.૪૧ કરોડનાં ૮,૨૪૫ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૩૬.૦૬ કરોડનાં ૧૬,૦૧૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૯.૯૪ કરોડનાં ૧,૬૮૦ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૩.૮૧ કરોડનાં ૩૯.૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૩૩.૬૭૪ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૨૪.૧૬૩ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૯૯૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૧૬,૭૭૩ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૧,૭૫૬ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૬,૦૫૪ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૪,૩૫,૧૯૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૫,૨૬,૨૫,૦૦૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૧,૮૮૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૪૮.૭૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૩૧.૦૭ કરોડનાં ૩૮૮ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૬૫૯ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૫,૯૮૦ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૦૯૦ અને નીચામાં ૧૫,૯૪૨ બોલાઈ, ૧૪૮ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૬૨ પોઈન્ટ વધી ૧૬,૦૭૮ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧૫૦૦૭.૭૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૫૬.૪ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૫૬૫.૭૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૨૨૭૭.૭૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯૦૬.૧૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૩૩૩.૯૮ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૦૨.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૦૫.૧૦ અને નીચામાં રૂ.૧૪૮.૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૧.૭૦ ઘટી રૂ.૧૭૧ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૨૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૧.૪૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૨.૨૦ અને નીચામાં રૂ.૧૦.૯૫ રહી, અંતે રૂ.૦.૨૦ વધી રૂ.૧૧.૪૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૦૦.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૬૦ અને નીચામાં રૂ.૬૬૦.૫૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૮.૫૦ વધી રૂ.૮૪૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૩૧ ખૂલી, ઉપરમાં રૂ.૬૪૯ અને નીચામાં રૂ.૨૯૨.૫૦ રહી, અંતે રૂ.૬૪.૫૦ વધી રૂ.૬૨૮.૫૦ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૬૯૦ના ભાવે ખૂલી, રૂ.૭૬ વધી રૂ.૧,૯૦૯ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૧,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૭૨૫ના ભાવે ખૂલી, રૂ.૮.૫૦ ઘટી રૂ.૧,૭૫૯.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૫૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૦.૬૧ વધી રૂ.૨.૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોન્ટ્રેક્ટ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૬,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૯૧ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૨૫૧ અને નીચામાં રૂ.૧૮૪.૪૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૪૦ વધી રૂ.૨૧૭.૩૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૨૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૦.૭૦ અને નીચામાં રૂ.૯.૬૫ રહી, અંતે રૂ.૦.૦૫ વધી રૂ.૧૦.૨૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૮,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૩૫૯.૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૧૨.૫૦ અને નીચામાં રૂ.૨૬૦.૦૦ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૬.૫૦ ઘટી રૂ.૨૬૬.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૫૯,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૫૪૨ અને નીચામાં રૂ.૩૭૪ રહી, અંતે રૂ.૯૭.૫૦ ઘટી રૂ.૩૯૨.૫૦ થયો હતો. ચાંદી જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧,૨૫૦ના ભાવે ખૂલી, રૂ.૪૦ વધી રૂ.૧,૧૯૨ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૦૮૫ના ભાવે ખૂલી, રૂ.૫૪ વધી રૂ.૧,૦૬૭.૫૦ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૧૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલો દીઠ રૂ.૨.૦૩ વધી રૂ.૧૩.૩૩ થયો હતો.

## ભાવનગરમાં ભગવાન જગન્નાથની ૩૮મી રથયાત્રાની તડામાર તૈયારીઓ

(એ.આર.એલ),ભાવનગર,તા.૩૦
ગુજરાતના ભાવનગરમાં ભગવાન જગન્નાથની ૩૮મી રથયાત્રાની તડામાર તૈયારીઓ શરૂ થઈ છે. રથયાત્રા સમિતિના અધ્યક્ષ હરૂભાઈ ગોંડલિયાએ કહ્યું કે ૨૫ હજારથી વધુ કેસરી ધજા-પતાકા લગાવવામાં આવશે. રથયાત્રા સમિતિના કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરી દેવામાં આવ્યું છે.રથયાત્રામાં પ્રસાદ, ભજન મંડળી, બેન્ડ અને પ્રભુની વિવિધ ઝાંખીઓ દર્શાવવામાં આવશે.ભાવનગરના રાજવી દ્વારા રથયાત્રાને પ્રસ્થાન કરાવવામાં આવશે.ગુજરાતમાં બીજા નંબરની મોટી ભાવનગરની રથયાત્રામાં સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત પોલીસ દ્વારા ગોઠવવામાં આવ્યો છે. ભાવનગરમાં જ્યારથી રથયાત્રાની શરૂઆત થઈ ત્યારથી ભાવિક ભક્ત હરજીવનભાઈ દાણીધારીયા નામના ભક્ત ભગવાન જગન્નાથના વાઘા રથયાત્રા માટે ખાસ તૈયાર કરે છે. તેઓ ખાસ સિલ્કના કાપડમાંથી ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના રંગબેરંગી અને ચમકદમક વાળા ખાસ વાઘા તૈયાર કરે છે. રથયાત્રાના દિવસે ભગવાન જગન્નાથને આ વસ્ત્રો પહેરાવી શહેરના રાજમાર્ગો પર લોકોના દર્શન માટે રથયાત્રા પસાર કરાશે.

## વિશ્વને તંબાકુ સેવનથી મુક્તિ ક્યારે ?



૩૧ મે એટલે વિશ્વ તંબાકુ નિષેધ દિવસ.લોકો ને તંબાકુ થી મુક્ત કરાવવા અને જન જાગૃતિ માટે વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૧૯૮૮માં ૪૨.૧૯ માં પ્રસ્તાવ પાસ થયા બાદ ૩૧ મે ને વિશ્રવ તંબાકુ દિવસ તરીકે ઘોષિત કરવામાં આવ્યો. જોકે આ પહેલા ૧૯૮૭ માં એપ્રિલ મહિનાની ૭ તારીખના ઉજવવામાં આવેલ હતો .આ દિવસે સારાય વિશ્રવમાં જનજાગૃતિ માટે ઘણાં બધા કાર્યક્રમો યોજવામાં આવતા હોય છે રેલી દ્વારા કે અન્ય કોઈ પણ પ્રકારના કાર્યક્રમો નું આયોજન કરી લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે પ્રયત્નો કરાતા હોય છે. તંબાકુ નું સેવન લગભગ દરેક વર્ગના લોકો કરતાં હોય છે.જેમાં બીડી, સિગારેટ, સિગાર, ફાકી,ગુટખા,છીંકણી, વગેરે વિવિધ પ્રકારે લોકો તંબાકુ સેવન કરતા હોય છે.જેમાં મોટે ભાગે લોકો બીડી, સિગારેટ, ગુટખા વગેરે દ્વારા તમાકુનું સેવન વધુ કરતા જોવા મળી રહ્યા હોય છે..હાલમાં તો ટૂથ પેસ્ટ પણ તંબાકુ યુક્ત બજારમાં ઉપલબ્ધ છે.જે મોટે ભાગે દાંતના દુઃખાવા મટાડવા હેતુ માટે ઉપયોગ માં લેવાતી હોય છે. આપણે સૌ સારી રીતે જાણતા હોઈએ છીએ કે તંબાકુ ધીમું ઝેર છે છતાં લોકો એને હોંશે હોંશે અપનાવતા હોય છે. આજે બાળકોથી માંડી મોટી ઉમરના લોકો તંબાકુ નું યેનકેન પ્રકારે સેવન કરી સ્વાસ્થ્યને હાની પહોંચાડી રહ્યા છે. આપણે સૌ જાણીએ છીએ તેમ તંબાકુ થી મોઢાના કે આંતરડાના કે અન્ય ઘણાં પ્રકારના કેન્સર થાય છે. આજે વિશ્રવમાં ૧.૩ અબજ લોકો તમાકુનું સેવન કરી રહ્યા છે એવું વિશ્રવ આરોગ્ય સંસ્થા દ્વારા કરાયેલ સર્વેમાં જણાવવામાં આવ્યું છે તો દર વર્ષે ૮૦ લાખથી પણ વધુ લોકો તંબાકુ ના સેવનથી મૃત્યુ પામે છે . હાલમાં યુવાવર્ગ માં પાન મસાલામાં જે તંબાકુ મિક્ષ કરી ખાવાનું ચલણ ખૂબ જોવા મળી રહ્યું છે. અરે અમુક યુવાનો તંબાકુ મોંઢામાં નાખીને સતત ને સતત મોઢું હલાવતા જોવા પણ મળી રહ્યા છે . ભારતમાં લગભગ પાંચ લાખ હેક્ટરમાં તંબાકુ નું વાવેતર કરવામાં આવે છે. વર્ષ ૨૦૦૮/૯ માં તંબાકુનું ઉત્પાદન ૩૧.૪ કરોડ કિલો ગ્રામ હતું તે આજે ૭૨ કરોડ કિલોગ્રામ ઉપર પહોંચી ગયું છે. ઉત્પાદનમાં સતત વૃદ્ધિ થઈ રહી છે ભારતમાં તંબાકુનો ઉપયોગ ઘટાડવા ૧૮ મે ૨૦૦૩ માં એક ×તંબાકુ નિયંત્રણ કાયદો× નામનો એક કાયદો પણ ઘડવામાં આવેલ પરંતુ આ કાયદા ની જેટલી સખ્તાઈ જોઈ એટલી ન થઈ હોવાથી ખાસ પરિણામ જોવા મળ્યું નહિ. આમાં ઘણા બધા કાયદાઓ પણ ઉમેરવામાં આવેલ જેમાં ટીવી પર તંબાકુ ઉત્પાદન જાહેરાત ન દર્શાવવી કે સ્કૂલ આસપાસ અમુક અંતરે તંબાકુ વેચાણ ના કરવું જેવા ઘણા બધા કાયદાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. સિગારેટ પીવાથી દર એક સેકન્ડે એક વ્યક્તિ જીવ ગુમાવી રહ્યો છે .ચીનમાં ત્રણ કરોડ લોકો ધૂમ્રપાન કરી રહ્યા છે.બીજા નંબરે અમેરિકા તો ત્રીજા નંબરે ગ્રીસ અને પોલેન્ડ ના લોકો ધૂમ્રપાન કરી રહ્યા છે. ભૂતાનમાં તંબાકુની ખેતી કરવી કે તંબાકુ ના કોઈપણ ઉત્પાદનો પર સંપૂર્ણ પ્રતિબંધ છે .સિગારેટ કે તંબાકુનું સેવન કરનાર ને દંડની જોગવાઈ છે. આજે કથા દ્વારા કે અન્ય કોઈ કાર્યક્રમો દ્વારા આપણા કથાકારો સતત ને સતત વ્યસન મુક્તિ માટે પ્રવચનો આપતા હોય છે છતાં પણ વ્યસન ઘટવાને બદલે વધતું જોવા મળી રહ્યું છે. જે ખરેખર ચિંતાનો વિષય છે . તંબાકુ મુક્ત ભારત બનાવવા ભારત સરકારે ભૂતાન પાસેથી બોધ લેવો જોઈએ . અને તંબાકુ ને લાગતો કાયદો સખ્ત બનાવવો જોઈએ. તોજ ધાર્યું પરિણામ મળી શકશે . લેખ : મહેશ સોની ( નખત્રાણા)

# રાજભવનમાં ગોવાના ૩૬મા સ્થાપના દિવસની ઉમંગ-ઉલ્લાસપૂર્વક ઉજવણી



ગુજરાત રાજભવનમાં ગોવાના ૩૬ મા સ્થાપના દિવસની ઉજવણી ઉમંગ-ઉલ્લાસપૂર્વક કરવામાં આવી હતી. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગોવાના નાગરિકોને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવતાં કહ્યું હતું કે, ભારતમાં ભાષા, સંસ્કૃતિ અને રિતી-રિવાજો ભિન્ન છે છતાં આપણે એક છીએ. એ આપણા મજબૂત લોકતંત્ર તથા ભારતીયોના હૃદયની વિશાળતા અને ઉદારતાને આભારી છે. સરદાર વલ્લભભાઈ પટેલે અનેક રજવાડાઓને વિલીન કરીને 'એક ભારત' બનાવ્યું. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી ચોમેર વિકાસથી 'શ્રેષ્ઠ ભારત' બનાવવા સતત પ્રયત્નશીલ છે. તેમણે ભારતને વિશ્વગુરુ બનાવવાના પ્રધાનમંત્રીના પ્રયત્નોમાં તાકાત બનવા, પોતપોતાના કર્તવ્યનું પ્રમાણિકતાપૂર્વક પાલન કરવા અનુરોધ કર્યો હતો.રાજભવનમાં 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સંકલ્પના સાથે ઉજવાયેલા ગોવા સ્થાપના દિવસમાં ગુજરાતમાં સ્થાયી થયેલા ગોવાના નાગરિકો અને ગોવાથી પધારેલા કલાકારોની ઉપસ્થિતિમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ભારતે ક્યારેય કોઈ રાષ્ટ્ર પર આક્રમણ નથી કર્યું કે ક્યારેય કોઈ રાષ્ટ્રની સમૃદ્ધિ હડપવાના પ્રયત્નો નથી કર્યા. એથી ઊલટું, ભારતે પોતાના જ્ઞાન, સંસ્કાર અને અધ્યાત્મનો લાભ અનેક રાષ્ટ્રોને આપ્યો છે. એટલું જ નહીં, વિશ્વમાં ભાઈચારો વિકસે, માનવીય ગુણોમાં વૃદ્ધિ થાય એ હેતુથી આખા વિશ્વને પરિવાર ગણ્યો છે. તેમણે કહ્યું કે, 'અયં નિજ: પરોવેતિ ગણના લઘુચેતસામ્, ઉદારચરિતાનાં તુ વસુધૈવકુટુંબકમ્.' નું ચિંતન ભારતે આખા વિશ્વને આપ્યું. આવી ઉદારતા ભારતીય સંસ્કૃતિના મૂળ વિચારમાં છે.ગોવા પર પોર્ટુગીઝ શાસકોએ આક્રમણ કર્યું. ભારતીય સેનાએ 'ઓપરેશન વિજય' દ્વારા ગોવાને પોર્ટુગીઝ આધિપત્યમાંથી મુક્ત કરાવ્યું. એ ઈતિહાસનો સંદર્ભ આપતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ભારત મૂળભૂત રીતે જ સમૃદ્ધ છે એટલે જ અનેક પ્રજાએ ભારત પર આક્રમણો કર્યા. ભારતના વૈભવથી આકર્ષાઈને અનેક આક્રમણો થયા, પરંતુ ભારતીયોએ ઉદારતાથી સૌને આવકાર્યા અને સ્વીકાર્યા. જ્યારે આક્રમણકર્તાઓએ દમન ગુજાર્યો ત્યારે ભારતીયોએ ક્રાંતિ કરી.તારીખ ૩૦ મે, ૧૯૮૭ એ અલગ રાજ્ય તરીકે અસ્તિત્વમાં આવેલું ગોવા ક્ષેત્રફળની દ્રષ્ટિએ સૌથી નાનું રાજ્ય છે છતાં ગોવાએ અત્યારે જે પ્રગતિ કરી છે તેની પ્રશંસા કરતાં રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગોવાના વિકાસમાં સહભાગી થવા સૌને અનુરોધ કરીને ગોવાના નાગરિકોને શુભકામનાઓ પાઠવી હતી. આજે તમામ રાજ્યોમાં ગોવા દિવસની ઉજવણી કરાઈ રહી હશે, આવી ઉજવણીથી વિવિધ પ્રાંતો વચ્ચે પ્રેમભાવ વધશે અને આઝાદીના અમૃતકાળમાં દેશના લોકો એકતાના સૂત્ર સાથે વધુ મજબૂતાઈથી બંધાશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના આ પ્રયત્નોને બિરદાવતાં તેમણે 'યુવા સંગમ' કાર્યક્રમની વિભાવનાની પણ પ્રશંસા કરી હતી.રાજભવનમાં ગોવા સ્થાપના દિવસની ઉજવણીમાં ગોવાથી પધારેલા લોકકલાકારોએ ધનગર નૃત્ય, દેખણી ડાન્સ અને લેમ્પ ડાન્સની પ્રસ્તુતિ કરી હતી. ગુજરાતના કલાકારો અને ગોવાના કલાકારોએ સાથે મળીને 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ગ્રાન્ડ ફિનાલેની પ્રસ્તુતિ કરી હતી. આ પ્રસંગે ગોવા મુક્તિ સંગ્રામ અને ગોવાના વર્તમાન વિકાસની ઝાંખી કરાવતી ફિલ્મોનું નિદર્શન પણ યોજાયું હતું. રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ બંને રાજ્યોના કલાકારોનું સન્માન કર્યું હતું.

# વેકેશનમાં બાળકોમાં ધાર્મિક સંસ્કારોનું સિંચન થાય તે હેતુ થી દેરાસર-ઉપાશ્રયોમાં પક્ષાલ પુજા - શિબિર - પ્રભાવનાનું આયોજન



સુરેન્દ્રનગરમાં જૈન સોશિયલ ગ્રુપ સિલ્વર દ્વારા વેકશન દરમિયાન બાળકોમાં ધાર્મિક સંસ્કારનું સિંચન થાય તે હેતુથી દેરાસરમાં પક્ષાલ પુજા તથા ઉપાશ્રયમાં જાપ તથા બાળકો માટે પ્રભાવના નું આયોજન કરવામાં આવે છે. દર રવિવારે બાળકો જિનાલયમાં પક્ષાલ પૂજા કરવા આવે તેને સુંદર મજાની ગીફ્ટ આપવામાં આવે છે તેમજ ઉપાશ્રયમાં જાપ કરવા આવે તેને પણ સરસ મજાની ગીફ્ટ સિલ્વર ગ્રુપ તરફથી દાતા ના સહયોગ થી આપવામાં આવે છે. જેમાં અંદાજે ૪૮૦ ની આસપાસ બાળકોની નોંધણી થાય છે. તારીખ ૩૦મી અપ્રિલ થી ૨૮ મે સુધી દર રવિવારે સવારે અલગ અલગ જિનાલયોમાં પક્ષાલ પૂજા ઉપાશ્રયોમાં શીબીર જેવા ધાર્મિક કાર્ય ને સફળ બનાવવા જૈન સોશ્યલ ગ્રુપ સિલ્વરના પ્રમુખ કૃણાલભાઈ મહેતા, સૌરાષ્ટ્ર રીજીયન સેક્રેટરી હિરેનભાઈ પરીખ, પ્રોજેક્ટ ચેરમેન કૃનાલભાઈ બાવીસી, શ્રેણીકભાઈ શાહ, પ્રતિકભાઈ શાહ, પંકીલભાઈ ધોળકિયા અને સુનીલભાઈ કોટક તથા સર્વ કારોબારી મેમ્બર આયોજન કરી રહ્યા છે. તારીખ ૩૦-૦૪-૨૦૨૩ ના રોજ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જીનાલય - મેહતા માર્કેટ, તારીખ ૦૭-૦૫-૨૦૨૩ ના રોજ શ્રી નેમિનાથ પ્રભુ જીનાલય – ઉદ્યોગનગર, તારીખ ૧૪-૦૫-૨૦૨૩ ના રોજ શ્રી સીમંધર સ્વામી દેરાસર – ઘર હો તો એસા, તારીખ ૨૧-૦૫-૨૦૨૩ ના રોજ શ્રી શીતલનાથ સ્વામી દેરાસર – જુના જકાત નાકા પાસે પક્ષાલ પુજા નું આયોજન કરવામાં આવેલ પાસે અને તારીખ ૨૧-૦૫-૨૦૨૩ શ્રી આદિનાથ ઉપાશ્રય માં શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતું. તેમજ સૌરાષ્ટ્ર રીજીયન ચેરમેનશ્રી કાર્તિકભાઈ શાહની ઉપસ્થિતિમાં તારીખ ૨૮-૦૫-૨૦૨૩ ના રોજ શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જીનાલય – જોરાવરનગર ખાતે પક્ષાલ પૂજા અને શ્રીશાંતિનાથ જિનાલય, દિગંબર જૈન મંદિર, હવેલી ચોક ભગવાનની ભાવના ભક્તિનું આયોજન કરવામાં આવ્યું.

# કરુણા સેલ્ફી કોન્ટેસ્ટનાં વિજેતા સીનીયર સીટીઝન પદ્મિનીબેન પારેખ



ઉનાળાનાં ધોમધખતાં તાપમાં તેમજ બાર મહિના દરમિયાન અબોલ પશુ-પક્ષીઓ પાણી શોધતાં હોય છે, તરસમાં તરફડતા હોય છે. ગૌમાતા, પશુ-પક્ષીઓની તરસ છીપાવવા માટે શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ—એનીમલ હેલ્પલાઈન, રાજકોટ ઘરે ઘરે પાણીના કુંડા, માળા, ગૌમાતાની પાણીની કુંડી સૌ મૂકે તેવા આશયથી વર્ષોથી જીવદયા અભિયાન ચાલે છે. આ અર્થે ખાસ કરીને યુવાનો,બાળકો પણ આ અભિયાનમાં સક્રીયતાથી જોડાય તે હેતુથી ''કરુણા સેલ્ફી કોન્ટેસ્ટ'' નામે એક વૈશ્વિક કોન્ટેસ્ટનું આયોજન સંસ્થાએ કર્યું હતું. કરુણા ફાઉંડેશન ટ્રસ્ટ દ્વારા ''કરુણા સેલ્ફી કોન્ટેસ્ટ'' યોજવામાં આવ્યો હતો. જેમાં ધોમધખતા તાપથી પશુ -પક્ષીને બચાવવા ઘરે ઘરે પાણીની કુંડી, ચકલીનાં માળા, પંખીઓ તેમજ ગાયમાતાને પાણી પીવા માટેના કુંડા/કુંડી (વાસણ) રાખી તેની સાથે સેલ્ફી લઈ સોશિયલ મીડિયામાં વાયરલ કરનારને વિજેતા જાહેર કરવામાં આવનાર હતા. આ સ્પર્ધામાં ખૂબ જ ઉત્સાહથી સહભાગી થનાર વય શ્રેષ્ઠી સુશ્રી પદ્મિનીબેન પારેખને કોન્ટેસ્ટનાં વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા. કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ, એનિમલ હેલ્પલાઈન – રાજકોટ પરિવાર દ્વારા વય શ્રેષ્ઠી સુશ્રી પદ્મિનીબેનનાં જીવદયા પ્રેમ બદલ તેમને શુભકામનાઓ આપી હતી અને સુશ્રી પદ્મિનીબેનનું ચકલીનાં માળા, બર્ડ ફીડર જેવી વિવિધ જીવદયામાં ઉપયોગી થાય તે પ્રકારની વસ્તુઓ દ્વારા ઋણસ્વીકાર, અભિવાદન કરાયું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે બાલ્યા અવસ્થાથી જ જૈન ધર્મનાં સંસ્કાર લઈને જીવ દયામાં તન – મન - ધનથી સક્રિય એવા વય શ્રેષ્ઠી સુશ્રી પદ્મિનીબેન પારેખ પક્ષીઓને પાણી, ચણ, ગાયની કુંડી મુકવી તેમજ અનેકવિધ સેવાકીય પ્રવૃતિઓ સાથે સંળાયેલા છે. 'સેવા કાર્ય એ જ જીવન.' એવી ભાવના સાથે નિત્ય ક્રમ પ્રમાણે સેવાકાર્ય એ એના જીવનનું એક અંગ બની ગયું છે

# શિવરાજ્યાભિષેક - ૩૫૦ વર્ષ

બોરીવલીમાં આ ભવ્યાતિભવ્ય કાર્યક્રમ નિમિત્તે શ્રી છત્રપતિ શિવાજી મહારાજ વ્યાખ્યાન, શિવ પૂજન તેમજ દિપોત્સવ નું આયોજન. શ્રી છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકને ૩૫૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર અને ઈતિહાસ સંકલન સમિતિ (કોંકણ પ્રાંત) ના સંયુક્ત ઉપક્રમે શ્રી છત્રપતિ શિવાજી મહારાજ નું ચરિત્ર વ્યાખ્યાન, શિવ પૂજન અને દીપોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સુપ્રસિદ્ધ ઈતિહાસ અભ્યાસ કર શ્રી રવિરાજ પરાડકર 'શિવરાજ્યાભિષેક મીમાંસા' આ વિષય ઉપર વ્યાખ્યાન આપશે. આ કાર્યક્રમ રવિવાર તારીખ ૪ જૂન ના રોજ સાંજે ૬ વાગે બોરીવલી વેસ્ટ દેવીદાસ રોડ સ્થિત જ્ઞાન સાગર એમ્ફીથિયેટર ખાતે આયોજિત કરેલ છે. આપણા ઐતિહાસિક વારસાને પ્રેમ કરનાર સર્વ નાગરિકો પોતાના આપ્તજનો અને મિત્ર પરિવાર સહિત શ્રી છત્રપતિ શિવાજી મહારાજને વંદન કરવા તેમજ દીપોત્સવમાં સહભાગી થવા શતકમાં માત્ર એક જ વાર આયોજિત થનારા આ પ્રસંગમાં આપ સહુ પધારો એવું બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર અને ઈતિહાસ સંકલન સમિતિ (કોંકણ પ્રાંત) વતી હાર્દિક નિમંત્રણ આપીએ છીએ.

# યુવા સેવાભાવી અગ્રણી મિતલ ખેતાણીના સુપુત્ર માનસ ખેતાણીનું 'ગૌ ટેક – ૨૦૨૩' માં સન્માન



જાહેર જીવનના વરિષ્ઠ, સહકારી અગ્રણી સ્વ.નરોતમભાઈ ખેતાણી તેમજ ગં.સ્વ.હરદેવીબેન ખેતાણીનાં પૌત્ર, યુવા સેવાભાવી અગ્રણી અને ભારત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડનાં મીડિયા ટીમનાં મેમ્બર તેમજ ભારત સરકારના પશુપાલન મંત્રાલયના માનદ સલાહકાર સમિતિના સદસ્ય, ગુજરાત સરકારનાં એનિમલ વેલ્ફેર બોર્ડ નાં સભ્ય મિતલ ખેતાણી અને ડિમ્પલ ખેતાણી અનેકવિધ સત્કાર્યો, જીવદયા પ્રવૃતીઓ સતત કરતા રહે છે. નજીકના વિસ્તારોમાં માનસ પોતે પોતાની બાલ મંડળી સાથે પક્ષીઓને ચણ, કીડીઓને કીડીયારું, કુતરાઓને દુધ-રોટલી, ગાયોને ઘાસ તેમજ આસપાસનાં વિવિધ ઘરોમાં ચકલાંનાં માળા—બર્ડ ફીડર લગાડી, પક્ષીઓનાં રામ પાતર મૂકી, ગૌમાતાની પાણી પીવાની કુંડીઓ મૂકે છે. દરેક જન્મ દિવસ નિમિત્તે ઉંમરો, પીપળો જેવાં પક્ષી, પર્યાવરણને ફાયદાકારક, માનવતાને ઉપયોગી ઓકિસજન વર્ધક પોતાની ઉંમર જેટલા વૃક્ષોનું વાવેતર કરી જન્મદિનની સેવામય ઉજવણી કરે છે. આ ઉપરાંત રેસકોર્સ ખાતે યોજાયેલ 'ગૌ ટેક – ૨૦૨૩' માં પણ માનસ વહેલી સવારથી મોડી રાત સુધી પોતાની યથાયોગ્ય સેવાઓ આપી હતી. સેવાવ્રતી માનસ દ્વારા બાળપણથી કરવામાં આવતી સેવાઓને બિરદાવવા માટે 'ગૌ ટેક – ૨૦૨૩' તેના સમગ્ર સેવાકાર્યો બદલ માનસનું ગૌમાતાની પ્રતિમા અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ચિ. માનસને જાણીતા લોક કલાકારો બિહારભાઈ હેમુભાઈ ગઢવી, ધીરુભાઈ સરવૈયા, શાહબુદ્દીન રાઠોડ, હરેશદાન ગઢવી, શ્રીમતી રાધાબેન વ્યાસ તેમજ ગૌ ટેકનાં સ્વપ્નદ્રષ્ટા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા, હંસરાજભાઈ ગજેરા, કલ્પકભાઈ મણીયાર, રાજુભાઈ ધ્રુવ, જ્યોતીન્દ્રભાઈ મહેતા, ચેતનભાઈ રામાણી સહિતનાં શ્રેષ્ઠીઓએ પણ માનસને આશિર્વાદ આપ્યા હતા.

**-માનસ મિતલ ખેતાણી**

# કાંદિવલીની રોટરી ક્લબ દ્વારા મેડિકલ સેવા



રોટરી ક્લબ ઓફ મુંબઈ કાંદિવલી વેસ્ટ દ્વારા પ્રમુખ રાકેશ શાહ, સેક્રેટરી વ્રજેશ શાહ, મેડિકલ ડિરેક્ટર ઉદય શાહ અને અન્યના માર્ગદર્શન હેઠળ આંખ, હૃદય, કેન્સરની તપાસ માટે મેડિકલ વેન ડોનેશન, રાહત દરે ડાયાલિસિસ, આંખ, ચામડી, ઓર્ગન ડોનેશન, નેચરોપથી, એક્યુપ્રેશર કેમ્પ વગેરે કાર્યક્રમ નિયમિત યોજવામાં આવે છે. 'આસિસ્ટ મી' એપ ડાઉનલોડ કરી વધુ તબીબી જાણકારી મેળવી શકાય છે.

## દેશ અને ધર્મ બચાવવા વિશે જો હિંદુઓ બોલતા હોય, તો શું

# તે 'હેટ સ્પીચ' છે ખરી ? - ધારાશાસ્ત્રી સુભાષ ઝા, સર્વોચ્ચ ન્યાયાલય



આપણા દેશમાં હિંદુવિરોધી અનેક રાજકીય નેતાઓ અને હિંદુવિરોધી લોકો નિયમિત રીતે 'હેટ સ્પીચ' કરી રહ્યા છે, તે વિશે કોઈપણ ન્યાયાલયમાં યાચિકા પ્રવિષ્ટ કરવામાં આવતી નથી. 'હેટ સ્પીચ' એટલે શું ?' તેની વ્યાખ્યા સુસ્પષ્ટ થવી આવશ્યક છે. વર્તમાનમાં ન્યાયમૂર્તિ નિર્ણય આપતી વેળાએ કાયદાઓ કરવા લાગ્યા છે. કાયદા કરવા, એ કાંઈ ન્યાયમૂર્તિઓનું કામ નથી, જ્યારે સંસદનું કામ છે. ભારતના ટુકડા થાય નહીં, આ વિશે હિંદુઓએ જનજાગૃતિ કરવી આ 'હેટ સ્પીચ' છે ખરી ?, જો હિંદુઓ આપણો દેશ અને ધર્મ બચાવવા વિશે બોલી રહ્યા હોય, તો શું તે 'હેટ સ્પીચ' છે ? એવો પ્રખર પ્રશ્ન સર્વોચ્ચ ન્યાયાલયના જયેષ્ઠ ધારાશાસ્ત્રી સુભાષ ઝાએ ઉપસ્થિત કર્યો. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'હેટ સ્પીચ' કે હિંદુઓને લક્ષ્ય કરવાનું સામ્યવાદી ષડ્‌યંત્ર ?' આ વિષય પરના 'વિશેષ સંવાદ'માં બોલી રહ્યા હતા.

ધારાશાસ્ત્રી સુભાષ ઝાએ ઉમેર્યું કે, ભારતમાં હિંદુઓ પોતાના અસ્તિત્વની લડાઈ લડી રહ્યા છે. ગત કેટલાક દશકોમાં નિર્માણ થયેલાં અફઘાનિસ્તાન, શ્રીલંકા, નેપાળ, ભૂતાન, મ્યાનમાર, પાકિસ્તાન ઈત્યાદિ દેશો ભારતથી તોડવામાં આવ્યા. તેમાંનાં અનેક ઈસ્લામી રાષ્ટ્રો બન્યાં. વર્તમાનમાં ભારતનું ઈસ્લામીકરણ કરવાના પ્રયોગ ચાલુ છે. આ દેશના ફરીવાર અનેક ટુકડા કરીને દેશનું વિભાજન કરવામાં આવશે, આ સંકટ વિશે હિંદુઓને જાગૃત કરવા જોઈએ. જો ભારતને હિંદુ રાષ્ટ્ર ઘોષિત નહીં કરીએ, તો ભારતનું ઈસ્લામીકરણ થવામાં વાર લાગશે નહીં, એવું પણ ધારાશાસ્ત્રી ઝાએ કહ્યું.

'સુદર્શન ચૅનલ'ના મુખ્ય સંપાદક શ્રી. સુરેશ ચવ્હાણકેએ કહ્યું કે, અમેરિકામાં 'ઈસ્લામફોબિયા' વિશે કાયદો કરવામાં આવ્યો છે. ભારતમાં આવો કાયદો કરી શકાશે નહીં, તેથી 'હેટ સ્પીચ' આ આગામી આવૃત્તિ લાવ્યા છે. હિંદુઓની વિવિધ સભાઓના માધ્યમ દ્વારા હિંદુઓમાં જાગૃતિ કરવામાં આવી રહી છે. તેથી જેહાદીઓ અસ્થિર બની ગયા છે. હિંદુઓની સભાઓમાં બોલનારા વક્તાઓ, આયોજકો વિશે યાચિકાઓ પ્રવિષ્ટ કરીને તેમનામાં બીક નિર્માણ કરવામાં આવી રહી છે. હિંદુ જનજાગૃતિ સમિતિના જળગાવ ખાતે આયોજિત કરેલી 'હિંદુ રાષ્ટ્ર-જાગૃતિ સભા'માં મેં કરેલા ભાષણને 'હેટ સ્પીચ'નો સંદર્ભ આપીને મારા વિશે ફરિયાદ પ્રવિષ્ટ થઈ. હિંદુત્વનિષ્ઠ ધારાસભ્ય ટી. રાજાસિંહ, કાજલ હિંદુસ્તાનીની 'હેટ સ્પીચ'ના નામ હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. આ સર્વ પ્રકારના વિરોધમાં લડાઈ લડવા માટે ધારાશાસ્ત્રીઓનું સંગઠન આવશ્યક છે.

હિંદુ જનજાગૃતિ સમિતિના જળગાવ જિલ્લા સમન્વયક શ્રી. પ્રશાંત જુવેકરે કહ્યું કે, અમે વર્ષ ૨૦૦૮ થી પ્રત્યેક વર્ષે જળગાવ ખાતે હિંદુ રાષ્ટ્ર-જાગૃતિ સભા લઈને જનજાગૃતિ કરી રહ્યા છીએ; પણ ૨૫ ડિસેંબર ૨૦૨૨ ના દિવસે સભા લીધા પછી કાયદો અને સુવ્યવસ્થા બગડી જશે, એવી કોઈપણ ઘટના બની નથી. તેમ છતાં પણ પ્રશાસન પર દબાણ લાવીને ૯ મે ૨૦૨૩ના દિવસે હિંદુઓના વિરોધમાં ગુનો પ્રવિષ્ટ કરવામાં આવ્યો. પરંતુ વર્ષ ૨૦૧૨માં મુંબઈ ખાતે રઝા એકેડેમીએ સભા લઈને રમખાણો કર્યા; પરંતુ વક્તાઓ પર કોઈપણ ગુનો પ્રવિષ્ટ થયો નથી. આવાં ધર્માંધોનાં અનેક ઉદાહરણો આપી શકાશે. જળગાવમાં કાંઈ બન્યું ન હોવા છતાં પણ હિંદુઓ પર 'હેટ સ્પીચ'ના ગુનાઓ પ્રવિષ્ટ થાય છે, આ મોટું ષડ્‌યંત્ર છે.

# ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા ગજ્જુ બાબા ભાજપ કલા સંસ્કૃતિ સેલ પાણીપતના જિલ્લા સહ-સંયોજક બન્યા



ચૌધરી ગજેન્દ્ર સિંહ દહિયા ગજ્જુ બાબા ભાજપ કલા સંસ્કૃતિ સેલ પાણીપતના જિલ્લા સહ-સંયોજક બન્યા અને તેમની સાથે ભાજપ કલા સંસ્કૃતિ સેલના સહ-સંયોજક તરીકે શ્રી સુરેશ જૈનની નિમણૂકની જાહેરાત કરવામાં આવી. ભાજપ આદરણીય/આદરણીય પાણીપત જીલ્લા પ્રમુખ ડો.અર્ચના ગુપ્તાજીના કાર્યાલયમાં આદરણીય/આદરણીય મોટા ભાઈ શ્રી દયાનંદ ઢુંગર ભાજપ આર્ટ કલ્ચર સેલ પાણીપત જીલ્લા સંયોજક ડો.અર્ચના ગુપ્તા જીની અધ્યક્ષતામાં દયાનંદ ઢુંગરે આર્ટ કલ્ચર સેલની જિલ્લા પાણીપતની ટીમની જાહેરાત કરી હતી. પદાધિકારીઓની યાદીશ્રી દયાનંદ ઢુંગર,પાણીપત જિલ્લા સંયોજક ,ચૌધરી ગજેન્દ્રસિંહ દહિયા પાણીપત જિલ્લા કો-ઓર્ડિનેટર,શ્રી સુરેશ જૈન પાણીપત જિલ્લા કો-ઓર્ડિનેટર,શ્રી નરેન્દ્ર ગર્ગ, વર્ષા કશ્યપ, આશિ વર્મા, જ્યોતિ ગુર્જર, જસ્મર ગૌતમ, રાજકુમાર ભારદ્વાજ, શ્રી મિશ્રા.

# પાલિતાણાની ૧૦ શાળાઓમાં બોગસ રેકર્ડ ઊભુ કરી રૂપિયા ૨૭ લાખનું કૌભાંડ

(એ.આર.એલ),ભાવનગર,તા.૩૦

રાજ્ય સરકારની શિક્ષણનો વ્યાપ વધે તે માટેની વિવિધ યોજનાઓમાં બોગસ રેકર્ડ, ખોટા વિદ્યાર્થીઓ ઊભા કરી ૧૪ શખ્સો દ્વારા પાલિતાણા તાલુકાની ૧૦ શાળાઓમાં રૂા.૨૭ લાખનું કૌભાંડ આચર્યુ હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી છે. તંત્રની તપાસમાં ગેરરીતિઓ થઈ હોવાનું બહાર આવ્યું હોવા છતાં સરકાર કક્ષાએ રાજકિય દબાણને કારણે કોઈ પગલા લેવાયા નથી. ૧૪ શખ્સોએ ભેગા મળી આચરેલી આ પ્રકારની ગેરરીતિઓ અન્ય શાળાઓમાં ચાલે છે કે કેમ ? તે અંગે તપાસ થાય તો કરોડો રૂપિયાની ગેરરીતિ બહાર આવે તેવી શક્યતા છે. સરકારની એસ.ટી.પી. સીઝનલ હોસ્ટેલ અને ટ્રાન્સપોર્ટેશન યોજનામાં પાલિતાણા તાલુકાની વીરપુર, સગાપરા, લુવારવાવ, જાંબાળા-૧, આદપુર, જાળીયા, દુધાળા, કુંભણ સહિતની શાળાઓમાં વર્ષ ૨૦૧૮-૧૯, ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ દરમિયાન બીઆરસી, સીઆરસી, આચાર્ય, સમગ્ર શિક્ષા કચેરીના ૧૪થી વધી લોકોએ ભેગા મળી સરકારી ગ્રાંટના ૨૭ લાખ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરેલ છે. જે બાળકોના વાલીઓ ધંધાર્થે કે મજુરી માટે બહાર જતા હોય તેવા બાળકોને રહેવા જમવાની સુવિધા આપવા સરકારની સીઝનલ હોસ્ટેલની યોજના છે. સીઝનલ હોસ્ટેલમાં મકાન ભાડે રાખી, બે ગૃહપતિની નિમણુંક કરી, ૨ રસોયા, ચોકીદાર, પટ્ટાવાળાની ભરતી કરી તેના પૈસા ચુકવવાના હોય છે.હસ્તગીરી જાળીયા, દુધાળા અને જામવાળી નં.૧માં સીઝનલ હોસ્ટેલ શરૂ કર્યા વગર જ માત્ર કાગળ પર આવી હોસ્ટેલ ચાલુ હોવાનું બતાવી અંદાજે ૨૨લાખથી વધુ સરકારી રકમની ગ્રાંટ મેળવી હોવાનું બહાર આવ્યુંછે.

# ૧ જૂન, '' વિશ્વ દૂધ દિવસ'' : દેશી કુળની ગાયનું દૂધ અમૃત સમાન

દર વર્ષે ૧ જૂનનાં રોજ ''વિશ્વ દૂધ દિવસ'' ઉજવવામાં આવે છે. સ્વાસ્થ્ય માટે દૂધ કેટલું મહત્વ રાખે છે અને ડાયટ માટે કેટલું જરૂરી છે એ વાતને સમજાવવા અને આ બાબતે લોકોને જાગરૂક કરવાના ઉદ્દેશથી આ દિવસ ઉજવવામાં આવે છે. પ્રાચીન કાળથી ગાયનો મહિમા અપરંપાર છે કહેવાતું હતું કે આપણા દેશમાં દુધની ગંગાઓ વહેતી હતી. ગાયનું દુધ અનમોલ તો હોય જ છે પણ તેમાં પણ ગીર ગાયનું દૂધ સર્વશ્રેષ્ઠ છે, પણ આધુનીકીકરણને કારણે સાત્વિકતા ઘટતી જાય છે ને ગાયોની ઉપેક્ષા વધતી જાય છે. વેદપુરાણોમાં ગાયને કામધેનું કહેવાય છે કેમ કે તે મરે ત્યાં સુધી દૂધ આપતી રહે છે. ગાયનાં દૂધનાં અનેક ફાયદાઓ છે જેનો આધાર પણ વૈજ્ઞાનિક છે.



૧. સ્નાયુની મજબૂતાઈ : આપણે ભારતમાં પરંપરા છે કે આપણે શિશુઓ અને બાળકોને કાચું દૂધ આપીએ છીએ. જીવનનાં પ્રારંભિક તબક્કે તંદુરસ્ત સ્નાયુ બનાવવાની ક્રિયા થવી ખૂબ જરૂરી છે. સ્નાયુની મજબૂતાઈ માટે દૂધ શ્રેષ્ઠ ખોરાક છે. દૂધ ૨૦% વ્હેય (whey) અને ૮૦% કેસિન (casein) પ્રોટીન છે, બંને સ્નાયુઓનાં નિર્માણ માટે જવાબદાર છે.

૨. સ્લીપ બૂસ્ટર : દૂધમાં ટ્રિપ્ટોફેન છે જે એમિનો એસિડ છે. ટ્રિપ્ટોફેન સુસ્તીનું કારણ બને છે તેનો અર્થ એ છે કે તમે ઊંઘ અનુભવશો! તેથી સુતા સમય પહેલાં ગરમ દૂધ ગ્લાસ ઊંઘની મજબૂત કિક આપે છે.

૩. હાડકા મજબુત બનાવે છે : મજબૂત હાડપિંજર જીવન જીવવા માટે જરૂરી છે. શરીરને તંદુરસ્ત શરીર ત્યારે કહેવામાં આવે છે જો તમારું હાડપિંજર રોજબરોજ કાર્ય કરે. હાડપિંજરને કેલ્શિયમને પસંદ છે! અને દૂધ કેલ્શિયમનો અત્યંત સમૃદ્ધ સ્ત્રોત છે, તમારા દાંતને કેલ્શિયમની જરૂર છે. દૂધનાં કપમાં ૨૭૬ – ૩૦૦ મિલિગ્રામ (એમજી) કેલ્શિયમ છે. દૈનિક ધોરણે પુરુષો / સ્ત્રીઓમાં ૧૦૦૦ એમજી કેલ્શિયમ હોવું જોઈએ.

૪. મગજ શક્તિ વધે છે : સંશોધન બતાવે છે કે દૂધ મગજનાં જ્ઞાનાત્મક કાર્યને સુધારે છે. દૂધ વિટામિન બી ૧૨ નો સ્રોત છે, તેમાં બી ૧૨ સારા એવા પ્રમાણમાં હોય છે આમ દૂધ શાકાહારી લોકો માટે વરદાન છે. મગજની શક્તિ અને જ્ઞાનાત્મક કાર્ય માટે વિટામિન બી ૧૨ આવશ્યક છે, તે અલ્ઝાઈમર રોગને અટકાવવામાં મદદ કરે છે. તમારા મગજ માટે, કૃપા કરીને દૈનિક ઓછામાં ઓછું ૧ કપ દૂધ પીવો!

૫. હાર્ટ એટેકથી બચાવે છે : ગાય ઓમેગા -૩ ફેટી એસિડનું ઊંચું મૂલ્ય ધરાવે છે. ઓમેગા ૩ એચડીએલ (HDL) કોલેસ્ટેરોલ વધારે છે જે 'સારા' કોલેસ્ટેરોલ તરીકે ઓળખાય છે. ઓમેગા ૩ હાનિકારક રક્ત ગંઠાઈ જવાથી અટકાવે છે. ઓમેગા -૩ હાઈ બ્લડ પ્રેશરવાળા લોકોનાં બ્લડ પ્રેશર સ્તર ઘટાડે છે. ટૂંકમાં, દૂધમાં આવા તત્વો છે જે હૃદય માટે ખૂબ જ સારા છે.

૬. એસીડીટી મટાડે છે : ગાયના દૂધમાં ઓમેગા ૩, એન્ટીઑકિસડન્ટ સંયોજનો અને પ્રોટીન જેવા પદાર્થો છે જે એસીડીટી મટાડે છે.

૭. શરીરની ચરબી ઘટાડે છે (વજન) : દૂધમાં લિનોલીક એસિડ (સીએલએ) છે જે શરીરમાં ચરબી બાળે છે. ડેરી કેલ્શિયમ પણ શરીરમાં વજન ઘટાડે છે. દૂધમાં વિટામીન ડી હોય છે, જે ચરબીને બાળવામાં મદદ કરે છે.

૮. કેન્સર નું જોખમ ઘટાડે છે : દૂધમાં એન્ટિ-કેન્સર એજન્ટો હોય છે જે કેન્સર કોશિકાઓનાં વિકાસને અટકાવે છે. કેટલાક સંશોધન સૂચવે છે કે દૂધનો નિયમિત વપરાશ કેન્સર અટકાવે છે. ઑટોગો યુનિવર્સિટીનું સંશોધન અને તેના પરિણામ કહે છે કે દૂધના દૈનિક વપરાશથી આંતરડાનાં કેન્સરનું જોખમ ૩૦% જેટલું ઓછું થઈ ગયું છે. ઘણા અભ્યાસોએ જણાવ્યું છે કે ઓછી ચરબીવાળા દૂધથી અંડાશયનાં કેન્સરનું જોખમ ઓછું થયું છે. દૂધમાં રહેલું સીએલએ-કન્જેજ્યુટેડ લિનોલિક એસિડ એન્ટી કેન્સર એજન્ટ માટે જાણીતું છે.

૯. ત્વચાનો મિત્ર : પ્રાચીન સમયથી સ્ત્રીઓ ચમકતી ચામડી માટે દૂધનો ઉપયોગ કરે છે, આજનાં સમયમાં પણ લોકો હળદરની પેસ્ટ અને દૂધ ને ચહેરા પર ચમકતી ચામડી માટે લગાવે છે. પ્રાચીન સમયમાં રાણીઓ અને અન્ય ઉજવણી કરનારા મહિલાઓ દૂધથી સ્નાન કરતી! દૂધ તેમની સુંદરતા માટે જવાબદાર હતું. દૂધમાં આવેલ લેક્ટિક એસિડ મૃત ત્વચા દૂર કરે છે.

૧૦. મેમરી, શક્તિ અને બુદ્ધિ : આયુર્વેદ અનુસાર ગાયનાં દૂધમાં ઓજ (શક્તિ) વધારવા નું શ્રેષ્ઠ દ્રવ્ય છે. સારા આરોગ્ય અને યાદશક્તિ માટે ગાયનું દૂધ શ્રેષ્ઠ છે. ગાયનું દૂધ મગજનાં એવા પ્રદેશો વિકસાવવા માટે મદદ કરે છે જે મેમરી અને બુદ્ધિ માટે જવાબદાર છે.

NEWS OF GANDHINAGAR_P-4

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.